
વર્ષ : ૩૫
અંક : ૨
ફેબ્રુઆરી-૨૦૧૧

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

Retail Price Rs. 5/- Each

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર



શ્રી શાંતિનાથ ભગવાન

પરિપૂર્ણ જ્ઞાને, પરિપૂર્ણ ધ્યાને, પરિપૂર્ણ ચારિત્ર બોધિત્વ દાને;
નીરાગી મહા શાંત મૂર્તિ તમારી, પ્રભુ પ્રાર્થના શાંતિ લેશો અમારી.

દઉં ઉપમા તો અભિમાન મારું, અભિમાન ટાળ્યા તણું તત્ત્વ તારું;
છતાં બાળરૂપે રહ્યો શિરનામી, સ્વીકારો ઘણી શુદ્ધિએ શાંતિ સ્વામી. - શ્રીમદ્ રાજચંદ્રજી

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : srask@rediffmail.com, Web.: www.shrimad-koba.org

# મહાજ્ઞાનીઓની અનુભવવાણી

(૧) जत्तेण कुणई पावं विषयणिमित्तं च अहणिसं जीवो ।
मोहंधयारसहिओ तेण दु परिपडदि संसारे ॥

- શ્રી કુંદકુંદાચાર્ય 'દ્વાદશાનુપ્રેક્ષા' - ૩૪

આ જીવ મોહના અંધકારમાં આંધળો થઈ રાતદિવસ પ્રયત્ન કરી વિષયભોગોને અર્થે પાપ કરે છે. તેથી સંસારમાં પરિભ્રમણ કરે છે.

---

(૨) जो खलु संसारत्थो जीवो तत्तो दु होदि परिणामो ।
परिणामादो कम्मं कम्मादो होदि गदिसु गदी ॥ १२८ ॥
गदिमधिगदस्स देहो देहादो इंदियाणि जायंते ।
तेहि दु विसयग्गहणं तत्तो रागो व दोसो वा ॥ १२९ ॥
जायदि जीवस्सेवं भावो संसारचक्कवालम्मि ।
इदि जिणवरेहिं भणिदो अणादिणिधणो सणिधणो वा ॥ १३० ॥

- શ્રી કુંદકુંદાચાર્ય 'પંચાસ્તિકાય'

આ સંસારી જીવને રાગાદિ ભાવ થાય છે. તેના નિમિત્તથી આઠ કર્મોનો બંધ થાય છે. કર્મોના ઉદયથી એક ગતિથી બીજી ગતિમાં જાય છે. જે ગતિમાં જાય છે ત્યાં સ્થૂળ દેહ ધારણ કરે છે. તે દેહમાં ઈન્દ્રિયો હોય છે. તે ઈન્દ્રિયો દ્વારા ભોગ્ય પદાર્થોને ભોગવે છે અને વળી તેમાં પુનઃ રાગદ્વેષ થાય છે. આ રીતે સંસારરૂપી ચક્રમાં જીવનું ભ્રમણ થયા કરે છે. કોઈને આ સંસાર અનાદિ અનંત હોય છે, તો કોઈને અનાદિ છતાં અંતસહિત હોય છે.

---

(૩) सर्वत्रोद्गतशोकदावदहनंव्याप्तं जगतकाननं ।
मुग्धास्तत्र वधू मृगी गतधियस्तिष्ठंति लोकैणकाः ॥
कालव्याध इमान्निहंति पुरतः प्राप्तान् सदा निर्दयः ।
तस्माज्जीवति नो शिशुर्न च युवा वृद्धोपि नो कश्चन ॥

- શ્રી ગુણભદ્રાચાર્ય 'આત્માનુશાસન'-૩૪

આ સંસારરૂપી વન સર્વ સ્થાને શોકરૂપી દાવાનળથી વ્યાપ્ત છે. ત્યાં બિચારા ભોળા લોકરૂપી હરણ સ્ત્રીરૂપી હરણીમાં મુગ્ધ બની રહ્યા છે ત્યાં અચાનક કાળરૂપી શિકારી આવી નિર્દયી થઈ સામેથી એમને મારે છે. એટલે મરણથી નથી તો બાળક બચતું, નથી તો યુવાન બચતો કે નથી વૃદ્ધ બચતો.

---

(૪) चतुर्गति महावर्ते दुःखवाऽवदीपिते ।
भ्रमन्ति भविनोऽजस्रं वराका जन्मसागरे ॥

- શ્રી શુભચંદ્રાચાર્ય 'જ્ઞાનાર્ણવ'

ચાર ગતિરૂપી મહાભ્રમરવાળા અને દુઃખરૂપી વડવાનલથી બળતા આ સંસારરૂપી સમુદ્રમાં જગતના દીન પ્રાણીઓ નિરંતર ભમ્યા કરે છે.

# દિવ્યધ્વનિ


-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી**

ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭ ૬૨૧૯

૨૩૨૭ ૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭ ૬૧૪૨

srask@rediffmail.com

www.shrimad-koba.org

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૧૮૦

આજીવન રૂા. ૭૫૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 2500

$-60, £-35

આજીવન : Rs. 7000

$-170, £-110

By Sea Mail

આજીવન : Rs. 3500

$-85, £-60


## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૩

(૨) ચાર ભાવનાઓ ........ પૂજ્યશ્રી આત્માનંદજી ..... ૪

(૩) રત્નત્રય ................. શ્રી મણિભાઈ શાહ ..... ૭

(૪) પ્રવૃત્તિના સરવાળા ..... ડૉ. કુમારપાળ દેસાઈ .... ૧૦

(૫) શ્રી પદ્મનંદિ આચાર્ય .. પ્રા. ચંદાબહેન પંચાલી .... ૧૩

(૬) શ્રી આનંદઘન ચોવીશી . શ્રી અશોકભાઈ શાહ .... ૧૭

(૭) ભૂલ ભારે પડી .......... શ્રી ચંદ્રહાસ ત્રિવેદી .... ૨૦

(૮) જિનાગમ : આત્મસુધારણાનો
અમૂલ્ય દસ્તાવેજ ....... ડૉ. ધનવંતીબેન મોદી .... ૨૨

(૯) અપૂર્વ અવસર .......... શ્રી વલભજી હીરજી .... ૨૬

(૧૦) પછી નહીં દ્વંદ્વ ............ શ્રી ધૂની માંડલિયા .... ૨૭

(૧૧) ક્રોધની આંખો અંધ ...... શ્રી કિશોર બાટવિયા .... ૨૮

(૧૨) સકારાત્મક અભિગમ ..... શ્રી કિરીટભાઈ શેઠ .... ૩૦

(૧૩) महाभारत की जीवनदर्शन ........ डॉ. तेजनी मुन्शी ..... ૩૧

(૧૪) બાળવિભાગ ............ શ્રી મિતેશભાઈ શાહ .... ૩૫

(૧૫) Yuva Times ............................................ ૩૭

(૧૬) સમાજ-સંસ્થા દર્શન ........................... ૩૮



**વર્ષ : ૩૫ ફેબ્રુઆરી, ૨૦૧૧ અંક - ૨**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭ ૬૨૧૯/૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭ ૬૧૪૨

srask@rediffmail.com

www.shrimad-koba.org


(१२) जैन धर्ममें अहिंसा ........ बा. ब. पवन जैन .... २९

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદક મંડળને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદક મંડળનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

હે અરિહંત પ્રભુ !

શુદ્ધભાવ વડે આપે ઈચ્છાઓનો નાશ કર્યો છે, ત્રણ લોકમાં આપ પૂજ્ય છો, પૂર્ણ જ્ઞાન એ આપનું સામ્રાજ્ય છે, દેવોના દેવ ઈન્દ્ર પણ આપના ચરણોમાં નમે છે. જન્મનું બીજ જે મિથ્યાત્વ છે એનો આપે નાશ કરીને અવ્રત, પ્રમાદ અને કષાયોને પણ જીત્યા છે. સમભાવ અને સમવસરણમાં આપનો નિવાસ છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળસુખ અને કેવળવીર્ય રૂપી લક્ષ્મી આપનામાં વસેલી છે. આપ લોકના નાયક છો અને આ દાસના પરમ આપ્ત છો. સ્વભાવની શુદ્ધતા દશામાં (પર્યાયમાં) પ્રગટ થાય તેવા ભાવ સાથે હું આપને પુનઃ પુનઃ વંદુ છું, સ્તુતિ કરું છું. ક્ષુધા-તૃષા આદિ સર્વ દોષથી આપ મુક્ત છો. આપ દેવાધિદેવ છો. પરમ ઔદારિક એવો આપનો દેહ પણ આપને પામી પૂજ્ય બની ગયો છે. આપના વચનો 'દિવ્યધ્વનિ' છે અને એનાથી ધર્મતીર્થ પ્રવર્તે છે. ગણધરો અને ઈન્દ્રોથી પૂજિત એવા હે અરિહંત પ્રભુ ! મારા આપને કોટિ કોટિ વંદન હો.

હે સિદ્ધ પરમાત્મા !

આપ લોકાગ્રે વસેલા છો, આપ ગુણગુણના ભંડાર છો, આપ મુક્તિરમાના મુખકમળના સૂર્ય છો. આપ સ્વાધીન સુખના સાગર છો. આપે આઠ ગુણોને સિદ્ધ કર્યા છે માટે આપ સિદ્ધપદધારી છો. આઠ કર્મોના સમૂહને બાળીને અવિનાશી એવી દશાને પ્રાપ્ત છો. આપ જેવું અનુપમ મુક્તિસુખને નિરંતર અનુભવો છો એ સુખનો પ્રસાદ મને આપો એવી હું પ્રયાચના કરું છું.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥


# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### શ્રી મોક્ષમાળા

### શિક્ષાપાઠ - ૧૬

### ખરી મહત્તા



કેટલાક લક્ષ્મીથી કરીને મહત્તા મળે છે એમ માને છે; કેટલાક મહાન કુટુંબથી મહત્તા મળે છે એમ માને છે; કેટલાક પુત્ર વડે કરીને મહત્તા મળે છે એમ માને છે; કેટલાક અધિકારથી મહત્તા મળે છે એમ માને છે. પણ એ એમનું માનવું વિવેકથી જોતાં મિથ્યા છે. એઓ જેમાં મહત્તા ઠરાવે છે તેમાં મહત્તા નથી, પણ લઘુતા છે. લક્ષ્મીથી સંસારમાં ખાનપાન, માન, અનુચરો પર આજ્ઞા, વૈભવ, એ સઘળું મળે છે અને એ મહત્તા છે, એમ તમે માનતા હશો, પણ એટલેથી એને મહત્તા માનવી જોઈતી નથી. લક્ષ્મી અનેક પાપ વડે કરીને પેદા થાય છે. આવ્યા પછી અભિમાન, બેભાનતા, અને મૂઢતા આપે છે. કુટુંબસમુદાયની મહત્તા મેળવવા માટે તેનું પાલનપોષણ કરવું પડે છે. તે વડે પાપ અને દુઃખ સહન કરવાં પડે છે. આપણે ઉપાધિથી પાપ કરી એનું ઉદર ભરવું પડે છે. પુત્રથી કરીને કંઈ શાશ્વત નામ રહેતું નથી. એને માટે થઈને પણ અનેક પ્રકારનાં પાપ અને ઉપાધિ વેઠવી પડે છે, છતાં એથી આપણું મંગળ શું થાય છે ? અધિકારથી પરતંત્રતા કે અમલમદ અને એથી જુલમ, અનીતિ, લાંચ તેમજ અન્યાય કરવા પડે છે કે થાય છે; કહો ત્યારે એમાંથી મહત્તા શાની થાય છે ? માત્ર પાપજન્ય કર્મની. પાપી કર્મ વડે કરી આત્માની નીચ ગતિ થાય છે; નીચ ગતિ છે ત્યાં મહત્તા નથી પણ લઘુતા છે.

આત્માની મહત્તા તો સત્યવચન, દયા, ક્ષમા, પરોપકાર અને સમતામાં રહી છે. લક્ષ્મી ઈ૰ એ તો કર્મમહત્તા છે. એમ છતાં લક્ષ્મીથી શાણા પુરુષો દાન દે છે. ઉત્તમ વિદ્યાશાળાઓ સ્થાપી પરદુઃખભંજન થાય છે. [૧]'એક સ્ત્રીથી કરીને તેમાં' માત્ર વૃત્તિ રોકી પરસ્ત્રી તરફ પુત્રીભાવથી જુએ છે. કુટુંબ વડે કરીને અમુક સમુદાયનું હિતકામ કરે છે. પુત્ર વડે તેને સંસારભાર આપી પોતે ધર્મમાર્ગમાં પ્રવેશ કરે છે. અધિકારથી ડહાપણ વડે આચરણ કરી રાજાપ્રજા બન્નેનું હિત કરી ધર્મનીતિનો પ્રકાશ કરે છે. એમ કરવાથી કેટલીક ખરી મહત્તા પમાય છે; છતાં એ મહત્તા ચોક્કસ નથી. મરણભય માથે રહ્યો છે. ધારણા ધરી રહે છે. યોજેલી યોજના કે વિવેક વખતે હૃદયમાંથી જતો રહે એવી સંસારમોહિની છે; એથી આપણે એમ નિઃસંશય સમજવું કે સત્યવચન, દયા, ક્ષમા, બ્રહ્મચર્ય અને સમતા જેવી આત્મમહત્તા કોઈ સ્થળે નથી. શુદ્ધ પંચ મહાવ્રતધારી ભિક્ષુકે જે રિદ્ધિ અને મહત્તા મેળવી છે તે બ્રહ્મદત્ત જેવા ચક્રવર્તીએ લક્ષ્મી, કુટુંબ, પુત્ર કે અધિકારથી મેળવી નથી, એમ મારું માનવું છે !

૧. દ્વિ૰ આ૰ પાઠા૰ - ૧. 'એક પરણેલી સ્ત્રીમાં જ'

# મોક્ષમાર્ગની ભૂમિકારૂપ ચાર ભાવનાઓ

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



મૈત્રીભાવનું પવિત્ર ઝરણું,
મુજ હૈયામાં વહ્યા કરે;
શુભ થાઓ આ સકલ વિશ્વનું,
એવી ભાવના નિત્ય રહે.
ગુણથી ભરેલા ગુણીજન દેખી,
હૈયું મારું નૃત્ય કરે;
એ સંતોના ચરણકમળમાં, મુજ જીવનનું અર્ઘ્ય રહે.
દીન, ક્રૂર ને ધર્મવિહોણા, દેખી દિલમાં દર્દ રહે;
કરુણાભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્ત્રોત વહે.
માર્ગ ભૂલેલા જીવનપથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું;
કરે ઉપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત્ત ધરું.
ચંદ્રપ્રભુની ધર્મભાવના, હૈયે સૌ માનવ લાવે;
વેરઝેરના પાપ તજીને, મંગલગીતો એ ગાવે.

મનુષ્યજન્મ અત્યંત દુર્લભ છે. બધા આર્યધર્મોએ તે માન્ય કર્યું છે. ઈન્દ્રિયોના વિષયોનું સેવન કરીને આ જન્મને પૂરો કરવો તે તો 'કાગડો ઉડાડવા હીરો ફેંકવા સમાન છે.' આ દેહથી મોક્ષ પ્રાપ્તિનો પુરુષાર્થ કરવો એ તેનો સાચો ઉપયોગ છે. કવિવર શ્રી દૌલતરામજી પણ કહે છે કે,

**''યહ માનુષ પર્યાય, સુકુલ સુનિવો જિનવાની,**
**ઈહ વિધિ ગયે ન મિલે, સુમણિ જ્યોં ઉદધિ સમાની.''**

મોક્ષની પ્રાપ્તિ કેવી રીતે કરવી ? તો કહે છે કે જેટલો વ્યક્તિ નિઃસ્વાર્થ બને છે તેટલો તે મોક્ષની નજીક જતો જાય છે. આપણે જો મોક્ષમાર્ગ પર ચાલવું હોય તો પ્રથમ આપણા આત્મામાં અનેક ગુણો પ્રગટ કરવાં પડશે અને હૃદયને અત્યંત કોમળ બનાવવું પડશે. વ્યક્તિ જેવું ચિંતન કરે છે તેવી તેની ભાવનાઓ બની જાય છે અને તેવું તેનું વર્તન થાય છે, માટે આપણે ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ કે હે ભગવાન ! અમારામાં પવિત્ર ભાવનાઓનો સંચાર થાઓ. આમ તો દયા, શાંતિ, ક્ષમા, પ્રેમ, મૈત્રી, સમતા આદિ અનેક ભાવનાઓ છે, પરંતુ આચાર્ય ભગવંતોએ મુખ્યતયા ચાર ભાવનાઓ મૈત્રી, કરુણા, ગુણપ્રમોદ અને માધ્યસ્થતાનું વિશેષ ચિંતન કરવાની આજ્ઞા કરી છે, જેથી આપણું હૃદય કોમળ બને. કોમળ હૃદયમાં જ મોક્ષમાર્ગ રૂપી બીજ એટલે કે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. હે ભવ્ય ! જો તારે શાશ્વત આનંદ પ્રાપ્ત કરવો હોય તો તું પ્રથમ મૈત્રીઆદિ ચાર ભાવનાઓ તારા જીવનમાં ઉતાર. આ ચાર ભાવનાઓ હૃદયને નિર્મળ કરવાનું કાર્ય કરે છે. તો આ ચાર ભાવનાઓને આપણે ઉપરોક્ત પદના માધ્યમથી વિશેષપણે સમજવા પ્રયત્ન કરીએ.

**[૧] મૈત્રી ભાવના :** આપણા જીવનમાં મૈત્રીભાવ પ્રગટાવવો હોય તો જગતના સર્વ જીવમાં આત્મદૃષ્ટિ રાખવી. જેવો હું આત્મા છું તેવા જ અન્ય જીવો પણ આત્મા છે. કોઈ મારા ઉપર ક્રોધ કરે, મારું અપમાન કરે તો એ મને નથી ગમતું, તો મારે પણ અન્ય જીવો સાથે કષાયયુક્ત વ્યવહાર ન કરવો જોઈએ. કોઈ મને પ્રેમ કરે, આદર આપે તે મને ગમે છે માટે મારે પણ અન્ય જીવો સાથે પ્રેમપૂર્વક વ્યવહાર કરવો

જોઈએ. આવા ભાવથી જ્યારે આપણું હૃદય ભીંજાય ત્યારે મૈત્રીભાવ પ્રગટે છે.

**[૨] ગુણપ્રમોદભાવના :** આપણે હંમેશાં ગુણો સાથે પ્રીતિ કરવી જોઈએ, વ્યક્તિ સાથે નહિ. કારણ કે મોક્ષનો માર્ગ તો ગુણો સાથે પ્રીતિ કરવાનો છે. કહ્યું છે કે,

**''गुणाः गुणिषु पूज्यन्ते न च लिंगम् न च वयः ।''**

ગુણોની પૂજા છે એટલે જ શબરીબાઈને ત્યાં રામ ભગવાન ગયા હતા. તે ન તો નાગર બ્રાહ્મણ હતી, ન તો યુવાન હતી, ન તો સુંદર હતી પરંતુ તે ગુણવાન હતી. ભગવાન તો પ્રેમને વશ થઈને ભક્તને ત્યાં જાય છે. આ ગહન વાત ત્યારે જ સમજાય જ્યારે ચામડાની આંખો ભાવથી નષ્ટ થાય અને દિવ્યદૃષ્ટિની પ્રાપ્તિ થાય. અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી અજિતનાથ ભગવાનના સ્તવનમાં કહે છે કે,

''ચરમ નયણ કરી મારગ જોવતાં રે,
ભૂલ્યો સયલ સંસાર;
જેણે નયણે કરી મારગ જોઈએ રે,
નયણ તે દિવ્ય વિચાર.''

જે દેખાય છે તે અસત્ય છે અને દેખવાવાળો સાચો છે. સત્ય છે તે જ આનંદ આપવાવાળો છે, પણ આ ગહન વાત સમજવા માટે જીવનમાં સદ્‌ગુણો પ્રગટાવવાં જરૂરી છે. શ્રી સદ્‌ગુરુકૃપા-પ્રસાદથી અને સત્સંગની ઉપાસનાથી વિવેકરૂપી અંજન આંખોમાં અંજાય તો સત્યવસ્તુ સ્વરૂપના દર્શન થાય.

હોંશિયાર માણસોને ભગવાન મળતા નથી પણ ઉમદા, સરળ હૃદયવાળા અને અંતરથી સમર્પિત જે આત્માઓ છે તેને જ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે. કોઈ કહે કે સાહેબ ! હું તો ભલભલાને બાટલામાં ઉતારી દઉં, ત્યારે સદ્‌ગુરુ કહે છે કે ભાઈ ! તું બીજાને બાટલામાં નથી ઉતારતો પણ તું પોતે જ બાટલામાં ઉતરે છે ! પણ તેની તને ખબર નથી. આપણને તેની ખબર હોય કે ન હોય તેના પર મોક્ષમાર્ગ નથી કારણ કે, **''धर्म : वस्तु स्वभावः ।''**

જેવા ભાવ તેવા જ ભવ. કોઈ મોક્ષ આપતું નથી. રાત્રે ૧૨ વાગ્યે જંગલમાં કોઈ ન હોય એવી જગ્યાએ જઈને જો આપણે ખરાબ કામ કરીએ તો પણ પાપ તો લાગે જ. મોક્ષમાર્ગ કાંઈ આપણી માન્યતા અનુસાર નથી. જીવ કોઈપણ જગ્યાએ, જેટલી તીવ્રતાથી પાપભાવ કરે તેટલા પ્રમાણમાં તેને પાપ ચોંટવામાં ઈન્દ્ર, જિનેન્દ્ર, નરેન્દ્ર પણ કાંઈ ફેરફાર કરી શકે નહિ.

**[૩] કરુણા અને [૪] માધ્યસ્થતા :**

દીન ક્રૂર ને ધર્મવિહોણા, દેખી દિલમાં દર્દ રહે;
કરૂણાભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્ત્રોત વહે.
માર્ગ ભૂલેલા જીવનપથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું;
કરે ઉપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત્ત ધરું.

ઉપરની બે લીટીમાં કરુણા અને નીચેની બે લીટીમાં માધ્યસ્થ ભાવના દર્શાવી છે. બીજાના દુઃખોને જોઈને જેનું હૃદય દ્રવે નહિ તે જીવ કાં તો સાતમા ગુણસ્થાને છે, કાં તો શ્રેણીમાં છે અને કાં તો તે જીવ નિર્દયી છે. તેનામાં હૃદય નથી. માટે કોઈપણ જીવને દુઃખ થાય તો આપણે રાજી થવું નહિ. પણ જો કોઈ જીવ ચોરી કરે, હિંસા કરે તો વ્યવહારમાં તેને યોગ્ય દંડ આપવો આવશ્યક છે.

હવે અહીં થોડી આગળની દશાની વાત છે કે બીજા જીવો મારા માટે કંઈ પણ કહે, અપમાન કરી દે તો પણ હું અંતરથી તેના પર દ્વેષ કરું

નહિ. એ જે ખોટું કામ કરે છે તેનાથી તેને પણ દુઃખ થશે અને સામેવાળી વ્યક્તિને પણ તે દુઃખરૂપ થશે માટે તે વ્યક્તિને પ્રેમથી ખોટું કામ ન કરવા સમજાવવો. તેના પર દ્વેષભાવ ન રાખવો કારણ કે સંતો પણ આપણને કહે છે કે, પાપીને ધિક્કારો નહિ પણ તેનામાં રહેલી પાપભાવનાને ધિક્કારો. આવું કરવું બહુ અઘરું છે. કોઈને બેવાર, ત્રણવાર સમજાવીને કહો કે ભાઈ ! આવા ન કરવા જેવા કાર્યો ન કરો. તેનાથી તમે દુઃખી થાઓ છો, અવ્યવસ્થા ઊભી થાય છે, બીજા લોકોને અંતરાય પડે છે અને તમને પાપકર્મનો બંધ થાય છે. આમ, શાંતિથી પ્રેમપૂર્વક તેને સમજાવો. પણ એક વાત ધ્યાનમાં જરૂર રાખવી કે સામેવાળો તમારી વાત માને પણ ખરો અને ન પણ માને. માટે આવા સમયે સમતા રાખવી. દુઃખી થઈ જવું નહિ પણ આપણી ફરજ બજાવી લેવી કારણ કે,

**"વિનાશકાળે વિપરીત બુદ્ધિ"**

શ્રી બૃહદ્ આલોચનામાં કહ્યું છે,

**"રાઈમાત્ર વધઘટ નહિ, દેખ્યા કેવળજ્ઞાન,**
**યહ નિશ્ચય કર જાનકે, તજીએ પરથમ ધ્યાન."**

"ચંદ્રપ્રભુની ધર્મભાવના, હૈયે સૌ માનવ લાવે;
વેરઝેરના પાપ તજીને, મંગલગીતો એ ગાવે."

આ ચાર ભાવનાઓ જ્ઞાની ભગવંતોએ પરમાર્થ સાધના પહેલા જીવનમાં ભૂમિકા રૂપે કહી છે. આવી ભાવનાઓ આપણા જીવનમાં - વ્યક્તિત્વમાં ન હોય અને આપણે આત્મજ્ઞાનની મોટી મોટી વાતો કરીએ તો તે હિતકારક ન થાય. પરમાત્માની - સંતોની આજ્ઞાનું જે જીવ પાલન કરે તે જીવ ઉત્તરોત્તર વધતી ગુણશ્રેણી પ્રાપ્ત કરે છે અને અંતે તત્ત્વદૃષ્ટિ પ્રાપ્ત કરી, ક્રમે કરીને મોક્ષે જાય છે. આપણી સત્પાત્રતા વધે ત્યારે જ ભગવાનની અંતરંગ શ્રદ્ધા થાય. આવા પરમાત્માનું, મહામુનિવરોનું, સંતોનું સ્મરણ કરવું અને તેમને પ્રાર્થના કરવી કે હે ભગવાન ! મારી બુદ્ધિને નિર્મળ બનાવો કે જેથી આપની કહેલી પરમ સત્ય વાત મારા હૃદયમાં ઉતરે અને એવું જીવન જીવું કે જેથી મને શાંતિ મળે અને બીજાને પણ શાંતિની પ્રાપ્તિ થાય.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

• • •

## અમારા કહેવા પ્રમાણે ચાલશો તો ભણેલા કરતાં વહેલો મોક્ષ થશે !

લક્ષ્મીચંદજી મુનિની સ્મૃતિમાં રહેલી ખેડાની બીના નીચે પ્રમાણે છે :

શ્રી દેવકરણજી સાથે શ્રી લક્ષ્મીચંદજી મુનિ હતા. એક દિવસ પરમ કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ તેમને કહ્યું, "તમારે ધ્યાન કરવું હોય તે વખતે પદ્માસન વાળી હાથ ઉપર હાથ રાખી, નાસિકા ઉપર દૃષ્ટિ રાખીને કરવું. તેમાં 'લોગસ્સ' અગર 'પંચ પરમેષ્ઠિ મંત્ર'નો જાપ કરવો."

લક્ષ્મીચંદજીએ કહ્યું, "હું કંઈ સમજતો નથી." ત્યારે કૃપાનાથે કહ્યું, "અમારા ઉપર તમને આસ્થા છે ?" લક્ષ્મીચંદજી મુનિએ કહ્યું, "હા, અમને પૂર્ણ આસ્થા છે."

પછી કૃપાળુદેવે કહ્યું, "અમારા કહેવા પ્રમાણે ચાલશો તો ભણેલા કરતાં તમારો વહેલો મોક્ષ થશે; માટે તમને ચૌદ પૂર્વનો સાર કહીએ છીએ કે વિકલ્પો ઊઠવા દેવા નહીં અને વિકલ્પો ઊઠે તેને દબાવી દેવા."

['શ્રીમદ્ રાજચંદ્ર-પ્રેરક પ્રસંગો'માંથી સાભાર]

**સંકલન : રીટાબેન મહેતા (કોબા)**

# રત્નત્રય

## સમ્યગ્દર્શન

### (ક્રમાંક - ૯)

મણિભાઈ ઝ. શાહ

(ગતાંકથી ચાલુ)

રત્નત્રય એટલે સમ્યગ્દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર - એ ત્રણેની એકતા અને એ જ મોક્ષે જવા માટેનો માર્ગ છે. આ પૈકી આપણે સમ્યગ્દર્શનની વિચારણા શરૂ કરી છે. સમ્યગ્ દર્શન એટલે હું આત્મા છું, દેહ સ્વરૂપી નહિ અને મને મળતાં સુખ-દુઃખ કોઈ આપતું નથી પણ મારા પોતાના કર્મોનું જ ફળ છે — આવી સાચી શ્રદ્ધા થવી તેનું નામ સમ્યગ્ દર્શન. તેના લક્ષણો, દોષો વગેરેની વિચારણા કરી. હવે પૂ. યશોવિજયજી મહોપાધ્યાયે 'સમકિતના અડસઠ બોલ' એ પુસ્તકમાં સમ્યગ્ દર્શન વિષે જે કહ્યું છે તેની વિચારણા શરૂ કરી છે, તેમાંથી ચાર પ્રકારની શ્રદ્ધા અને ત્રણ પ્રકારનાં લિંગ વિષેની વિચારણા પૂરી કરી **દશ પ્રકારના વિનય** વિષે કહે છે તે જોઈએ.

જેણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું છે એવી વ્યક્તિઓ અને જેના દ્વારા સમ્યગ્દર્શન પ્રાપ્ત થઈ શકે છે તે વસ્તુઓનું બહુમાન - વિનય કરવો જોઈએ, પણ સાથે સાથે બીજી વ્યક્તિઓનો અવિનય - કુવિનય ન થાય પણ એમના પ્રત્યે મધ્યસ્થતા રહે તે પણ ખાસ જોવું જોઈએ એમ ધર્મમાં કહ્યું છે. હવે આવી વ્યક્તિઓ અને વસ્તુઓનું વર્ણન જોઈએ અને એમના પ્રત્યે વિનયભાવ કેળવીએ.

(૧) **અરિહંત :** જેમણે રત્નત્રય પૂર્ણપણે પ્રાપ્ત કર્યું છે અને બીજા જીવોને જે નિઃસ્વાર્થ ભાવે તેમ કરવાનો ઉપદેશ આપે છે તે અરિહંત ભગવાનનો આપણી ઉપર ખૂબ જ ઉપકાર છે. એમનો યથાયોગ્ય વિનય કરવો જોઈએ. એમ કરીએ તો જ એમના ઉપદેશ પ્રમાણે વર્તી આપણે પણ એ પ્રાપ્ત કરી શકીએ. એમના ઉપદેશનો સાર શાસ્ત્રો - આગમોમાં સમાયેલો છે અને તે દ્વારા અત્યારે પણ એનો લાભ આપણને મળે છે.

અત્યંત પુણ્યને લીધે એમને કેટલાક અતિશયો પ્રાપ્ત થાય છે, જે દ્વારા દુનિયાના લોકો એમનું મહત્ત્વ સમજે છે.

(૨) **સિદ્ધ :** જે અરિહંતો કર્મોને પૂર્ણપણે ખપાવી કર્મરહિત અર્થાત્ દેહરહિત થઈ જાય છે તે સિદ્ધશિલા ઉપર જઈ સ્થિર થાય છે - સિદ્ધ થઈ જાય છે અને અનંત કાળ સુધી આત્માના આનંદમાં ડૂબેલા રહે છે. એમને દેહ નહીં હોવાથી ઉપદેશનો લાભ આપણને મળતો નથી પણ એમની એ દશા જ - મોક્ષની સ્થિતિ આપણને રત્નત્રય પ્રાપ્ત કરવાની પ્રેરણા આપે છે એટલે એમનો વિનય પણ અતિ ઉપયોગી - ઉપકારક બને છે.

(૩) **ચૈત્ય :** ભગવાન સાક્ષાત્ આપણી સમક્ષ અત્યારે ન હોય પણ એમની પ્રતિમા -

ચૈત્ય એ પણ આપણને એમની યાદ અપાવી એમના જેવું રત્નત્રય પ્રાપ્ત કરવાની પ્રેરણા આપે છે અને એટલે ચૈત્યનો પણ વિનય આપણા માટે સમ્યગ્દર્શન વગેરે પ્રાપ્ત કરવા માટે ખૂબ ઉપયોગી બને છે.

(૪) **સૂત્ર :** આપણે જોઈ ગયા કે અરિહંતો - તીર્થંકરોના ઉપદેશથી આપણને સમ્યગ્ દર્શન વગેરે પ્રાપ્ત થાય છે કે એમાં વૃદ્ધિ થાય છે. પણ અત્યારે આપણા માટે એ યોગ નથી. પરંતુ એમના ઉપદેશને ગણધરોએ ઝીલીને એનાં સૂત્રો - શાસ્ત્રો - આગમો વગેરેના રૂપમાં આપણી સમક્ષ મૂક્યાં છે તે દ્વારા આપણે રત્નત્રય પ્રાપ્ત કરી શકીએ છીએ. એટલે એ સૂત્રોનો વિનય થાય, એને ગમે ત્યાં ફેંકાય નહીં કે પગ તળે આવે નહીં, વગેરે ધ્યાન રાખવું એટલું જ જરૂરી છે — આ છે સૂત્રો પ્રત્યેનો વિનય.

(૫) **ધર્મ :**

ધર્મઃ વસ્તુ સ્વભાવઃ એટલે ધર્મ એ વસ્તુનો - વ્યક્તિનો સ્વભાવ છે. જે વ્યક્તિએ સમ્યગ્દર્શન, વગેરે પ્રાપ્ત કર્યું હોય તે કેવી રીતે વર્તે એ જાણીને આપણે પણ એ રીતે વર્તીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શકીએ. અરિહંતોએ એ પૂર્ણપણે પ્રાપ્ત કર્યું છે અને સાધુ-સંતો એ મહદઅંશે પ્રાપ્ત કરે છે. આ ધર્મ - આ લક્ષણો પ્રત્યે બહુમાન - વિનય હોવો જરૂરી છે. આ દશ ધર્મ - લક્ષણો આ પ્રમાણે છે : (૧) ક્ષમા (૨) માર્દવ (૩) આર્જવ (૪) શૌચ (૫) સત્ય (૬) સંયમ (૭) ત્યાગ (૮) આકિંચન્ય (૯) બ્રહ્મચર્ય અને (૧૦) તપ. આની વિશિષ્ટતા જોઈએ.

ચાર પ્રકારના કષાય એ મુખ્યત્વે કર્મબંધનું કારણ છે. એમાંથી છૂટવા માટે નીચે પ્રમાણેના ધર્મ છે :

ક્રોધથી છૂટવા ક્ષમા, અભિમાનથી છૂટવા માર્દવ (મૃદુતા), માયાથી છૂટવા માટે આર્જવ (સરળતા) અને લોભથી છૂટવા માટે શૌચ - સંતોષ. તે સિવાય આપણને દુઃખનું મુખ્ય કારણ પાંચ પ્રકારનાં મોટાં પાપો છે, તેમાંથી છૂટવા માટે નીચે પ્રમાણેના ધર્મ કહ્યાં છે :

હિંસામાંથી છૂટવા માટે સંયમ, જૂઠમાંથી છૂટવા માટે સત્ય, ચોરીમાંથી છૂટવા માટે ત્યાગ, પરિગ્રહમાંથી છૂટવા માટે આકિંચન્ય - શ્રાવક માટે પરિગ્રહ પરિમાણ (મર્યાદા), કુશીલમાંથી છૂટવા માટે બ્રહ્મચર્ય, શ્રાવક માટે સ્વદારા કે સ્વપતિ સંતોષ. અને બધું કર્યા છતાં થોડાં ઘણાં કર્મો જે લાગી જાય તેમાંથી છૂટવા માટે તપ.

આ દશ ધર્મ જીવને મોક્ષમાર્ગમાં આગળ વધવા માટે ખૂબ જરૂરી છે એટલે એનો વિનય કરવો આવશ્યક છે.

(૬) **સાધુ :** ઉપર કહ્યાં તેવા ધર્મો મુખ્યત્વે સાધુ મોટા પ્રમાણમાં પાળી શકે છે એટલે આ કાળમાં આપણે માટે એ માર્ગ - દર્શક બની જાય છે તેથી તેમનો વિનય કરવો એ ખૂબ જરૂરી છે. એમનો વિનય કરવાથી એમના જેવા થવાના ભાવ જાગે છે અને મોક્ષમાર્ગમાં આગળ વધાય છે.

(૭) **આચાર્ય :** ધર્મને યથાર્થ રીતે આચરણમાં ઉતારીને - જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર દ્વારા મોક્ષપંથે પ્રયાણ કરે છે. આપણને મોક્ષમાર્ગની યથાર્થતા - અને તે વર્તમાનમાં

શક્ય છે તેવી ખાતરી થાય છે એટલે આચાર્યોનો વિનય એ મોક્ષમાર્ગમાં આગળ વધવા માટે ખૂબ જરૂરી છે.

(૮) **ઉપાધ્યાય :** સાધુઓ પૈકી અમુક સાધુઓ જુદાં જુદાં શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કરે છે અને તે બીજા સાધુઓને અને શ્રાવકોને એ વિષે સમજ આપે છે કે જેથી બીજા તે જાણીને અપનાવી શકે અને મોક્ષમાર્ગમાં આગળ વધી શકે. આ દૃષ્ટિએ તેઓ વર્તમાનમાં સાક્ષાત્ તીર્થંકરો હોય તેવો પ્રભાવ ઉભો કરે છે. તેમનું બહુમાન - વિનય એ આપણને મોક્ષમાર્ગમાં આગળ વધવા માટે પ્રેરણારૂપ બને છે.

(૯) **પ્રવચન :** અરિહંતો - તીર્થંકરોની જે વાણી તે જેમના દ્વારા પ્રવચનોથી જાણી શકાય છે તે સાધુ - સાધ્વી - શ્રાવક - શ્રાવિકા એ પ્રવચન કહેવાય છે. એમના પ્રત્યે વિનય હોય તો જ એ વાણી ગળે ઉતરે અને સમ્યગ્ દર્શનનું કારણ બને એટલે એમનો અને એમની વાણીનો વિનય અવશ્ય કરવો.

(૧૦) **દર્શન :** જિનેશ્વર ભગવાન પ્રત્યે બહુમાન, પ્રીતિ વગેરે હોય, તેઓ સાક્ષાત્ અત્યારે આપણી સમક્ષ ન હોય, પણ એમની મૂર્તિ કે ફોટો હોય, તેનાં ભાવપૂર્વક દર્શન કરવાથી આપણામાં એમણે કહેલા બોધની જાગૃતિ આવે છે એટલે એમનો વિનય કરવો જરૂરી છે. આપણે બોલીએ છીએ કે -

**"દર્શનં દેવ દેવસ્ય, દર્શનં પાપ નાશનમ્,**
**દર્શનં સ્વર્ગ સોપાનમ્, દર્શનં મોક્ષ સાધનમ્"**

એક કથા આવે છે કે નંદીશ્વર દ્વીપમાં અકૃત્રિમ ચૈત્યાલયોમાં જિનેશ્વર ભગવાનની આબેહૂબ મૂર્તિઓને જોતાં ઈંદ્રોની સાથે આવેલા બીજા દેવોને સમ્યગ્દર્શન પ્રાપ્ત થઈ જાય છે. માટે દર્શનનો મહિમા જાણી એનો વિનય કરવો.

આ વિનય કરવાના પાંચ પ્રકાર કહેલાં છે, જે આ પ્રમાણે છે :

(૧) **ભક્તિ :** બાહ્ય આદરમાન, બહુમાન વગેરે કરવાં તે. અરિહંતો વગેરેની મૂર્તિઓની સ્થાપના કરી પૂજા વગેરે કરવાં તે.

(૨) **બહુમાન :** સાધુ-સંતો આવે ત્યારે તેમનો આદર કરવો, તેઓ બેસે પછી બેસવું, તેમની પાછળ પાછળ ચાલવું, તેઓ આવે ત્યારે નમન કરી બને તો ચરણ-સ્પર્શ કરવો વગેરે દ્વારા એમનું બહુમાન કરવું.

(૩) **ગુણોની સ્તુતિ :** સાધુ-સંતો અને આગળ વધેલા શ્રાવક - શ્રાવિકાઓના ગુણોની જાહેરમાં પ્રશંસા કરવી, સ્તુતિ કરવી અને એ રીતે એમનો વિનય કરવો.

(૪) **અવગુણ ઢાંકવા :** ઉપર કહ્યાં તેમ સાધુ - સંતો કે આગળ વધેલા શ્રાવક - શ્રાવિકામાં કોઈ અવગુણ દેખાય તો તે જાહેર ન કરતાં બને ત્યાં સુધી એ ઢાંકવા એ પણ એમના પ્રત્યેનો વિનય છે.

(૫) **અશાતનાનો ત્યાગ :** ઉપર કહ્યાં તેવા સાધુ - સંતો અને આગળ વધેલા શ્રાવક - શ્રાવિકાને કોઈ અશાતના ન થાય, કોઈ અડચણ - મુશ્કેલી ન આવે તે માટે આપણાથી શક્ય તેટલું બધું કરવું - આ પણ વિનયનો જ પ્રકાર છે.

બીજા બોલ વિષે હવે પછીના અંકમાં વિચારીશું.

(ક્રમશઃ)

• • •

### પરમનો સ્પર્શ - ૨૬

# પ્રવૃત્તિના સરવાળા

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

આધુનિક યુગનો એક મહાશાપ છે અને તે ખૂબ વ્યસ્ત 'બિઝી' હોવાનો ખ્યાલ. ઘરના નોકરને પૂછશો તો એ કહેશે કે કામ એટલું બધું રહે છે કે એમાંથી એક મિનિટે નવરા જ પડાતું નથી. કોઈ ગૃહિણીને પૂછશો તો એ કહેશે કે અમારું જીવન એટલે આકરું વૈતરું. કોઈ વિદ્યાર્થીને પૂછશો તો એ કહેશે કે ભણવામાંથી માથું ઊંચું થાય, તો રમવા જવાનો વિચાર કરું ને ! કંપનીના સેક્રેટરીને પૂછશો તો એ કહેશે કે આજકાલ તો એટલું બધું કામ રહે છે કે મરવાનીય ફુરસદ નથી. અરે ! આજના જમાનામાં કોઈ સંતને પૂછશો તો એ પણ કહેશે કે તેઓ એટલા બધા 'બિઝી' છે કે તમને 'ઈઝીલી' મળી શકશે નહીં. રાજનેતાની સાચી-ખોટી વ્યસ્તતાની વાત જ ન પૂછશો.

**આ જગતમાં ચોતરફ 'બિઝી' હોવાનો રોગચાળો ફેલાયો છે અને આ રોગના કીટાણુઓ એવા છે કે એક વાર તમને એ લાગુ પડે, પછી એમાંથી તમે મુક્ત થઈ શકતા નથી.** અત્યંત વ્યસ્ત જીવન જીવનારી વ્યક્તિને તમે એમ કહો કે ચાર દિવસ તારે કશું કરવાનું નથી, તો શું થશે ? પહેલો દિવસ તો એનો અતિ ઉત્સાહભર્યો જશે અને 'નિરાંત' હોવાનો આનંદ માણશે. બીજે દિવસે ફરી કામ યાદ આવવા લાગશે. થોડા સમયમાં 'નિરાંત' થી અકળાઈ જશે. તમે એને દરિયાકિનારે લઈ જાવ કે કોઈ મોંઘી હોટલમાં રાખો, પરંતુ એને કામ વિના ચેન નહીં પડે, કારણ કે એની જીવનશૈલી એટલી બધી વ્યસ્ત બની ગઈ હોય છે કે એને આ વ્યસ્તતામાંથી થોડો સમય બહાર રહેવું ગમે, પરંતુ લાંબો વખત એ વ્યસ્તતામાંથી બહાર રહી શકતો નથી. આવી વ્યક્તિને તમે એમ કહો કે જરા થોડો સમય પલાંઠી વાળીને બેસી રહો. વિશ્વની પ્રશિષ્ટ સાહિત્યકૃતિઓનું વાંચન કરો. દરિયાકિનારે નિરાંતે વેકેશન ગાળો. એ બે - ત્રણ દિવસ આમ કરશે, પણ પછી આ 'રિલેક્સેશન' થી કંટાળશે.

શેરબજારના મોટા વેપારી અથવા તો 'ખેલાડી' મહાસુખરાયની વહેલી સવાર શેરબજારની ચિંતાથી શરૂ થાય અને રાત એની વધઘટ સાથે પૂરી થાય. લેપટોપ આગળથી એ એક મિનિટ આઘા ખસે નહીં, 'આટલા મળ્યા' અને 'આટલા ગયા' એ એમના જીવનનાં સૂત્રવાક્યો છે. મિત્રોના આગ્રહથી મહાસુખરાય માથેરાન ગયા. એટલા બધા થાકીને માથેરાન ગયા હતા કે નક્કી કર્યું કે આ અઠવાડિયું એક ભાવ પણ જાણવો નથી. એકાદ દિવસ તો આ વચનનું યથાર્થ પાલન થયું, પણ બીજા દિવસથી ભાવ જાણવા માટે ફોન કર્યો અને ફરી એ જ ચક્રમાં મન ગૂંથાઈ ગયું. ત્રીજે દિવસે માથેરાનમાં મહાસુખરાયની ઑફિસ શરૂ થઈ ગઈ અને એ જ રફતાર ચાલવા લાગી.

**એક બાજુ મનને નિરાંત નથી અને બીજી બાજુ માણસ નિરાંતની શોધમાં નીકળ્યો છે.** કોઈ ગુરુ કે માર્ગદર્શકની પાસે આવતા મોટા ભાગના લોકો એક જ વાત કરતા હોય છે કે, ''મનની શાંતિ થાય એવું કશુંક આપો.'' એ આશા રાખતા હોય છે કે માર્ગદર્શક કોઈ એવા સિદ્ધાંતની ચાવી

આપશે કે એને પરિણામે ભલે જીવન આટલું વ્યસ્ત રહે, પણ એકાએક શાંતિનું તાળું ખૂલી જાય. એ મંદિરમાં જઈને પરમાત્મા પાસે પ્રાર્થના કરે છે કે પ્રભુ, મારે બીજું કશું જોઈતું નથી, બસ માત્ર અશાંત, અવ્યવસ્થિત અને અતિ ચંચળ એવા જીવનને શાંતિ મળે એવા આશીર્વાદ આપો. એ કોઈ શાસ્ત્ર કે ધર્મગ્રંથ પાસે જશે અને એવા સૂત્રની શોધ કરશે કે એ સૂત્રથી મનની શાંતિ પ્રાપ્ત થઈ જાય.

કરુણતા તો એ છે કે એ પોતાના જીવનની શૈલી બદલવા માગતો નથી. કામની પદ્ધતિમાં લેશમાત્ર પરિવર્તન કરવા તૈયાર નથી. ઈશ્વર, ગ્રંથ કે સદ્‌ગુરુ પાસેથી કોઈ ચમત્કારિક આશીર્વાદ કે જડીબુટ્ટી મેળવવા માગે છે કે જેનાથી એના મનની શાંતિ સ્થપાય. જીવનમાં તો અશાંતિ સર્જતા ઉપાયો ચાલતા હોય છે, પણ એ માને છે કે જેમ એક ટેબલેટ લઈને તાવ ઉતારી નાખીએ, એ રીતે ઈશ્વરના આશીર્વાદ કે ધર્મગ્રંથનાં સૂત્રો એના અતિ અશાંત મનને 'ઇન્સ્ટન્ટ' શાંત કરી દેશે. મનમાં તોફાની સાગરનાં મોજા ઘૂઘવી રહ્યાં છે, ત્યાં એવું પરિવર્તન આવશે કે સરોવરનાં શીતળ, શાંત જળ સર્જાઈ જશે.

**હકીકત એ છે કે મનની અશાંતિ જેણે ઊભી કરી છે, એ જ વ્યક્તિ પોતાના મનને શાંત કરી શકે છે. જેણે સમસ્યાનું સર્જન કર્યું છે, એ જ સમાધાન આપી શકે છે.** આપણે એવું માનીએ છીએ કે સમસ્યા હું સર્જું અને એનો ઉકેલ સદ્‌ગુરુ આપે. વળી, એ ઉકેલ પણ આપણી જીવનપ્રવૃત્તિમાં કશાય ફેરફાર વિના ઇચ્છીએ છીએ. **મૂળ તો એ વાત જ ખોટી છે કે તમારા મનની શાંતિ તમે બહારથી મેળવી શકો છો. તમારા ભીતરમાં જ એ શાંતિ પામવાની ક્ષમતા છે.** જેમ તમે પોતે આ સવાલનું સર્જન કર્યું છે, એમ તમારી પોતાની જ પાસે એનો ઉત્તર છે. સમસ્યા તમારા મનમાં જાગી હોય અને એનું સમાધાન કોઈ કૃપા કે સૂત્રમાં હોય એવું નથી. જે દર્દ સર્જે છે, એ જ દવા આપી શકે છે. આપણે એમ માનીએ છીએ કે દર્દ સર્જનાર આપણે છીએ અને આપણા દર્દની દવા કોઈ બીજા પાસે છે.

**મનની દોડ સાથે જીવતા વ્યસ્ત માનવીઓ એમ માનતા હોય છે કે વ્યસ્તતા જ જીવનની પરિપૂર્ણતા છે. અતિ પ્રવૃત્તિને જીવનની પૂર્ણતા માને છે. હકીકતમાં તેઓ વચ્ચેની એક મહત્ત્વની કડી ભૂલી જાય છે અને તે છે જીવન જીવવા માટેનું ધ્યેય કે કારણ.**

તેમની આ પ્રવૃત્તિ એમના જીવનધ્યેયને પોષક છે કે નાશક છે, એનો એ વિચાર કરતા નથી. એ તો રોજ સવાર પડે અને કાર્યો શરૂ કરે છે અને અતિ વ્યસ્તતામાં દિવસ પૂરો કરે છે. આવી વ્યક્તિ પાસે કોઈ ધ્યેય હોતું નથી. એણે જીવનસાર્થક્ય માટે ધ્યેયની ઉપાસના કરવી જોઈએ. જો કે જીવનધ્યેય વિશે પણ એણે ઊંડો વિચાર કરવો જોઈએ. ખાસ તો એ કે આ ધ્યેય એને જીવનની પરિપૂર્ણતા તરફ ગતિ કરાવશે ખરું ? **જો એક વાર જીવનમાં નિશ્ચિત ધ્યેય આવી જશે તો એની નિરંકુશ પ્રવૃત્તિઓ વિશે એ વિચારતો થશે.**

જીવનમાં ઉંમર પ્રમાણે પણ ધ્યેયો બદલાતાં હોય છે. વિદ્યાર્થી અવસ્થામાં કોઈ ઉચ્ચ ડિગ્રી મેળવવાનું ધ્યેય હોય તો તે સ્વાભાવિક છે. વ્યવસાયમાં સર્વોચ્ચ સિદ્ધિ હાંસલ કરવાનું ધ્યેય હોય તે સમજી શકાય તેવું છે. અમુક ઉંમરે ધર્મ-ધ્યાન કરીને કલ્યાણ સાધવાનું ધ્યેય પણ જોવા મળે છે. સ્વામી વિવેકાનંદે સદૈવ 'ધ્યેય' પર ભાર

આપ્યો. કેટલાંક ટૂંકા ગાળાના ધ્યેયો હોય છે અને કેટલાંક લાંબા ગાળાનાં ધ્યેયો હોય છે. આપણું પ્રત્યેક કાર્ય એ આપણા ધ્યેયને અનુરૂપ છે કે નહીં તે વિચારવું જોઈએ.

**શ્રીમદ્ રાજચંદ્રજીનું જીવન જોઈએ તો સમજાય છે કે એમનું જીવન-લક્ષ્ય મોક્ષ પ્રતિ હતું, તેથી મોક્ષ સિવાયની અન્ય બાબતોમાં એમને કોઈ રસ નહોતો.** એમણે જોયું કે શતાવધાનની ચમત્કારિક સિદ્ધિ કે પછી **જ્યોતિષવિદ્યા** મોક્ષસિદ્ધિમાં ઉપકારક નથી, તો એમણે જગતને આશ્ચર્ય પમાડનારી એ સિદ્ધિઓ પ્રદર્શિત કરવાનું તત્કાળ બંધ કરી દીધું. આવી હોવી જોઈએ ધ્યેય પ્રત્યેની જાગરૂકતા.

**પ્રવૃત્તિ વખતે તમારી સામે એક ધ્યેય હોવું જોઈએ. માત્ર અતિ પ્રવૃત્તિશીલ રહીને કશાય હેતુ વિના સતત કામ કરે જાવ તેનો કશો અર્થ નથી.** તમારું હૈયું લીલુંછમ રાખીને ધ્યેય પર નજર ઠેરવવી જોઈએ. એને માટે સઘળી તૈયારી હોવી જોઈએ. બહાર ભટકતા મનને જો ધ્યેય સાથે સાંધી દેવામાં આવે, તો મનની દુનિયામાં પરિવર્તન આવી જાય છે. એ મનને સવાલ કરવામાં આવે કે તારી આટલી બધી દોડધામમાં કેટલી દોડધામ તારા ધ્યેયની પ્રાપ્તિ માટે યોગ્ય છે અને કેટલી દોડધામ બિનજરૂરી છે ?

બિનજરૂરી દોડધામનું પણ એક આકર્ષણ હોય છે. વ્યક્તિ કોઈ કલબનો સભ્ય બન્યા પછી રુઆબ પાડવા માટે ત્યાં વારંવાર જવાનું શરૂ કરે છે અને સમય જતાં એની પ્રવૃત્તિઓમાં આ બિનજરૂરી પ્રવૃત્તિ એવો પગપેસારો કરે છે કે એનું જીવનધ્યેય બાજુએ હટી જાય છે અને આ બિનજરૂરી પ્રવૃત્તિ એના જીવન પર સવાર થઈ જાય છે.

મારે તમને એ કહેવું છે કે તમે તમારી એક અઠવાડિયાની પ્રવૃત્તિની નોંધ કરો અને પછી તમારા ધ્યેયને લક્ષમાં રાખીને ગત અઠવાડિયાની પ્રવૃત્તિનું વિશ્લેષણ કરો. વિચારો કે કઈ પ્રવૃત્તિ તમારા જીવનના ધ્યેયને અને જીવનની પરિપૂર્ણતાને ઉપકારક છે, કઈ પ્રવૃત્તિ વ્યવસાયને માટે આવશ્યક છે અને કઈ પ્રવૃત્તિ એવી છે કે જેનો વ્યવસાય કે જીવનધ્યેય સાથે કશો સંબંધ નથી. તમારા જીવનમાંથી તમે એની બાદબાકી કરી શકો તેમ છો, પરંતુ ઝીણવટભેર જોશો તો ખ્યાલ આવશે કે આપણે મોટેભાગે ધ્યેયલક્ષી કે વ્યવસાયલક્ષી પ્રવૃત્તિઓની બાદબાકી કરીએ છીએ અને વ્યર્થ કે જીવનધ્યેયથી વિપરીત એવી પ્રવૃત્તિઓના સરવાળા કરીએ છીએ.

• • •

## મારી પ્રાર્થના

**પ્રેષક : ગુલાબચંદ ધારશી રાંભિયા**

**હે પ્રભુ !**
**મને તારી શાંતિનું માધ્યમ બનાવ,**
**જેથી...**
**જ્યાં ધિક્કાર હોય ત્યાં હું પ્રેમનું વાવેતર કરું.**
**જ્યાં વેદના મળે ત્યાં હું શાતા આપું.**
**જ્યાં વિસંવાદ હોય ત્યાં એકતા પ્રગટાવું.**
**જ્યાં શંકા હોય ત્યાં શ્રદ્ધા જગાડું.**
**જ્યાં ક્રોધ હોય ત્યાં ક્ષમાનો છંટકાવ કરું.**
**જ્યાં હતાશા હોય ત્યાં આશાનો ઉદ્ભવ કરું.**
**જ્યાં અંધકાર હોય ત્યાં પ્રકાશ પ્રગટાવું.**
**જ્યાં વિષાદ હોય ત્યાં આનંદના ધોધ વહેવડાવું.**

## શ્રી પદ્મનંદિ આચાર્ય રચિત
# 'એકત્વસપ્તતિ'નું આચમન (ક્રમાંક-૬૩)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

પરમકૃપાળુદેવ 'ઉપદેશછાયા' આંક ચારમાં સમત્વભાવની અધ્યાત્મગિરા કહે છે, "પ્રશ્ન - શું વિચાર કર્યે સમભાવ આવે ? ઉત્તર : વિચારવાનને પુદ્‌ગલમાં તન્મયપણું, તાદાત્મ્યપણું થતું નથી. અજ્ઞાની પૌદ્‌ગલિક સંયોગના હર્ષનો પત્ર વાંચે તો તેનું મોઢું ખુશીમાં દેખાય, અને ભયનો કાગળ આવે તો ઉદાસ થઈ જાય. સર્પ દેખી આત્મવૃત્તિમાં ભયનો હેતુ થાય ત્યારે તાદાત્મ્યપણું કહેવાય. તન્મયપણું થાય તેને જ હર્ષ શોક થાય છે. નિમિત્ત છે તે તેનું કાર્ય કર્યા વગર રહે નહીં. મિથ્યાદષ્ટિને વચમાં સાક્ષી (જ્ઞાનરૂપી) નથી. દેહ ને આત્મા બંને જુદા છે એવો જ્ઞાનીને ભેદ પડ્યો છે. જ્ઞાનીને વચમાં સાક્ષી છે. જ્ઞાનજાગૃતિ હોય તો જ્ઞાનના વેગે કરી, જે જે નિમિત્ત મળે તેને પાછું વાળી શકે. જીવ વિભાવપરિણામમાં વર્તે તે વખતે કર્મ બાંધે; અને સ્વભાવ પરિણામમાં પ્રવર્તે તે વખતે કર્મ બાંધે નહીં.એમ સંક્ષેપમાં પરમાર્થ કહ્યો. પણ જીવ સમજે નહીં તેથી વિસ્તાર કરવો પડ્યો, જેમાંથી મોટાં શાસ્ત્રો રચાયાં. સ્વચ્છંદ ટળે તો જ મોક્ષ થાય. સદ્‌ગુરુની આજ્ઞા વિના આત્માર્થી જીવના શ્વાસોચ્છ્‌વાસ સિવાય બીજું ન ચાલે એવી જિનની આજ્ઞા છે." પરમાર્થથી સમભાવની દૃષ્ટિ આપી છે.

આપણે શ્રી પદ્મનંદિ પંચવિંશતિઃ ગ્રંથના 'એકત્વસપ્તતિ' પ્રકરણનું સંક્ષેપમાં આચમન કરી રહ્યા છીએ. શ્લોક ચોસઠમાં જોયું કે સામ્ય શબ્દના સમાનાર્થી શબ્દો સમાધિ, યોગ, સ્વાસ્થ્ય, ચિત્તનિરોધ અને શુદ્ધોપયોગ છે. દરેક શબ્દની ભાવપૂર્વક સ્પષ્ટતા વિચારી અને પ્રયોગરૂપે પરિણત થાય એવો સદ્‌ગુરુ કૃપાથી પુરુષાર્થ કરવો તે સમજ્યા. હવે શ્લોક પાંસઠમાં શ્રીપદ્મનંદિ આચાર્યદેવ સામ્યભાવને વધુ દૃઢ કરાવે છે :

**नाकृतिर्नाक्षरं वर्णो नो विकल्पश्च कश्चन ।**
**शुद्धं चैतन्यमेवैकं यत्र तत्साम्यमुच्यते ॥६५॥**

અર્થાત્ જ્યાં કોઈ આકાર નથી, જ્યાં કોઈ અક્ષર નથી, જ્યાં વર્ણ નથી, જ્યાં વિકલ્પ નથી, પરંતુ જ્યાં કેવળ ચૈતન્યસ્વરૂપ જ પ્રતિભાસિત થાય છે તેને સામ્ય કહેવામાં આવે છે.

નિરાકાર તત્ત્વમાં આકારની ગુંજાઈશ નથી. અકારાદિ અક્ષરમાં કોઈ અક્ષરને સ્થાન નથી. કૃષ્ણ, નીલ જેવા વર્ણો નહિ રહેતા અવર્ણ સ્વરૂપ છે તથા રાગાદિના કોઈ વિકલ્પનું સામર્થ્ય જેનું નથી માત્ર શુદ્ધ ચૈતન્યસ્વરૂપ (शुद्धचिद्रुपोऽहम्) વિહરી રહ્યું છે તેને સામ્ય કહેવામાં આવે છે. સરળ, સુગમ અને સહજતાથી સામ્યભાવને અહીં સમજાવ્યો છે.

**नाकृति :** આત્માની કોઈ આકૃતિ નથી. નિરાકારતા આત્માનો સહજગુણ છે. નિશ્ચયનયમાં નિરાકારતા છે. વ્યવહારનય સાકારનો સ્વીકાર કરે છે કે જે બાહ્ય સ્થિત છે. સામ્યભાવમાં નિરાકારતા સોહે છે. અષ્ટકર્મનો નાશ થયો - જ્ઞાન સ્વરૂપી આત્માનું સ્વરૂપ જ માત્ર રહે છે ત્યાં નિરાકારતા બની રહે છે. અરિહંતનું કેવળજ્ઞાન, કેવળદર્શન અને ચારકર્મથી યુક્ત

સયોગી સ્વરૂપ આકારિત વર્ણવાયું છે ત્યાં પણ જિનદશાની ઉપાસના જ્ઞાનીઓએ કહી છે. અન્યથા ત્યાં પણ રાગાદિભાવ વર્તે તો ચારગતિનું ચક્ર વિરામ પામતું નથી. અર્થાત્ સાધકની દૃષ્ટિ તો સદા નિરાકારતા પ્રતિ વહ્યા જ કરે તો સામ્યભાવ ધારણ થાય છે.

**નાક્ષરમ :** શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મામાં અકારાદિ કોઈ અક્ષરને સ્થાન નથી. બાવન અક્ષરોથી બહાર શુદ્ધ આત્મા છે. સમયસાર ગ્રંથના ૩૭૩ અને ૩૭૫ ગાથામાં કહે છે -

(હરિગીત)

**રે પુદ્ગલો બહુવિધ નિંદા -**
**સ્તુતિ વચનરૂપ પરિણમે,**
**તેને સુણી 'મુજને કહ્યું' ગણી,**
**રોષ તોષ જીવો કરે. ॥૩૭૩॥**
**શુભ કે અશુભ જે શબ્દ તે**
**'તું સુણ મને' ન તને કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે**
**કર્ણ ગોચર શબ્દને. ॥૩૭૫॥**

નિંદા-સ્તુતિનાં વચનો રૂપે પુદ્ગલો પરિણમે છે તેને સાંભળીને અજ્ઞાની જીવ 'મને કહ્યું' એમ માનીને ગુસ્સે થાય છે વા ખુશ થાય છે. શુભ કે અશુભ શબ્દો તને એમ નથી કહેતા કે તું મને સાંભળ અને આત્મા પણ કર્ણેન્દ્રિયના વિષયમાં રહેલા શબ્દને જાણવા જતો નથી. જ્યાં અક્ષરને સ્થાન નથી. અકારાદિ અક્ષરનો સમૂહ જ્યાં વિરામ પામી જાય છે એવો સામ્યભાવ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આત્મા છે. જે પદાર્થ અનુભવગોચર છે ત્યાં વચનોની ગતિ નથી. ખરેખર તો જ્યાં મતિની ગતિ નથી, વાણી વિરામ પામી જાય છે. અક્ષરાતીત ચૈતન્ય સ્વરૂપ માત્ર અનુભૂતિગમ્ય છે. પરમકૃપાળુદેવ 'અપૂર્વ અવસર' માં લખે છે,

**"જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;**
**તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે...**

નિરાકાર, નિરંજન, નિર્ગ્રંથ, નિર્લેપ, નિષ્તરંગ, નિરાકુળ, નિર્વિકાર, નિરૂપમ, નિઃસંગ, નિર્દોષ, અજર, અમર, અવિનાશી આત્મા છે તે સામ્યસ્વરૂપ છે.

**નવર્ણો :** કૃષ્ણ - નીલ - પીત - રક્ત એવા વર્ણ - સભર આત્મા નથી. બાહ્ય દૃષ્ટિએ પ્રભુપાર્શ્વનાથ શ્યામવર્ણના છે. ભગવાન મહાવીરસ્વામી સુવર્ણવર્ણે છે. ખરેખર શુદ્ધાત્માને કોઈ વર્ણ નથી. ભગવાન સિદ્ધ અવર્ણે છે. શુદ્ધાત્માને વર્ણ જ નથી. સદા સર્વદા અવર્ણ છે. હજારો વર્ષ કાચની સાથે હીરો હોય પણ કાચ હીરો બનતો નથી. શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા તેના અનંતગુણોમાં નિવાસ કરે છે. તે આત્માનું નિવાસ સ્થાન છે. આત્મામાં જ નિત્ય રમણતા તે શુદ્ધ ક્રિયા છે. અપૂર્વ આત્મરસને આસ્વાદતા શુદ્ધાત્મામાં કોઈ વર્ણ નથી. અવર્ણે, અગંધે, અરસે, અસ્પર્શે પરમ ચૈતન્ય વિલસી રહ્યો છે.

**કશ્ચન વિકલ્પ ન -** ચૈતન્ય શુદ્ધતત્ત્વમાં કોઈ વિકલ્પ નથી. નિર્વિકલ્પ વસ્તુનું સ્વરૂપ છે. વિકલ્પ વિરામ પામે છે ત્યારે સાધકને નિર્વિકલ્પ અનુભવ થાય છે. સાધક અંતર્યાત્રા પ્રારંભે છે ત્યારે અશુભ વિકલ્પને છોડે છે. અશુભના ત્યાગ સાથે શુભનો સ્વીકાર કરે છે. પણ સાધક હોવાથી

પ્રથમ આત્મલક્ષને સાધી લીધું છે. તેથી ક્યાંય અટકતો નથી. શુભભાવમાં રહેતો સાધક શુદ્ધભાવમાં સ્થિતિનો અભ્યાસ કરે છે. પાંચ ઈન્દ્રિયો અને મનને શાંત કરવા પ્રયત્નશીલ છે. પુરુષાર્થી સાધક સ્વપરિણામને તપાસતો જાય છે. પરિણામ ચલિત થાય ત્યાં જાગૃત થઈ જાય છે. સદ્‌ગુરુ સમીપે ગુરુગમની પ્રાપ્તિ કરે છે. નિશદિન સદ્‌ગુરુની આજ્ઞાનો સમાદર કરી, કહ્યા પ્રમાણે અધ્યાત્મમાર્ગમાં આગળ વધે છે. ખરેખર પ્રાપ્તિ સહજ થાય છે છતાં ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ, પાંચ ઈન્દ્રિયોના ભોગવટામાં વિવેક, મનના ભાવોનું નિરંતર દર્શન, ભેદજ્ઞાનનો પરમોત્કૃષ્ટ પુરુષાર્થ થતો જાય છે. પ્રથમ આત્મલક્ષનું દઢત્વ કર્યું છે તેથી વચ્ચે શુભભાવની ચલાયમાન સ્થિતિમાં ક્યાંય અટકતો નથી. આવશ્યક માર્ગ-દર્શન સદ્‌ગુરુ સમીપે શરણાપન્ન થઈને મેળવી લે છે. માર્ગને પામેલો માર્ગ પમાડે તેવી અટલ શ્રદ્ધા સાથે સાધકની વિચારણામાં વસ્તુનું સ્વરૂપ નિર્વિકલ્પ છે એવી પ્રતીતિ આવે છે. શુદ્ધ ચૈતન્ય આત્મા સૂક્ષ્મ ભાવે વિકલ્પાત્મક ભાવભાસનમાં સ્થિતિ સ્થપાય છે. સાધક આનંદ, ઉલ્લાસ, ઉમંગ સાથે પ્રસન્નતા અને પ્રેમ-માધુર્યના ભાવ સાથે સદ્‌ગુરુ કૃપાને અંતરમાં વાગોળતો વાગોળતો આત્મયાત્રાએ આગળ વધે છે. કોઈ અપૂર્વ અવસરે આનંદની ઘડી તે રળિયામણી એવા અપૂર્વ ભાવે નિર્વિકલ્પ શુદ્ધાત્માને સહજપણે આસ્વાદી લે છે.

**यत्र शुद्धं चैतन्यम् एकं एवं तत् साम्यम्**

અહીં જ માત્ર શુદ્ધ ચૈતન્ય જ છે તે સામ્ય છે. શુદ્ધ ઉપયોગરૂપ હું છું. શુદ્ધ જ્ઞાન - દર્શન - ઉપયોગ મારું સ્વરૂપ છે. સદા સર્વત્ર જાણવું અને જોવું એ જ મારો મૂળભૂત સ્વભાવ છે. ઉદાસીનભાવે માત્ર જોવું અને જાણવું - તે સ્વભાવ. જ્ઞાતા-દષ્ટાભાવ-સાક્ષીભાવ-અકર્તૃત્વ, અભોકર્તૃત્વ સ્વરૂપ હું છું. કર્મજન્ય વિભાવદશા છે. આત્મજન્ય સ્વભાવદશા છે. આ વાણી પણ ખરેખર ભેટનું સ્થાપન કરે છે. હું માત્ર અભેદ નિર્વિકલ્પ આત્મા છું. સાધકને જ્યાં અટકવાનું બની જાય ત્યારે જ્ઞાની ધર્માત્મા રાજમાર્ગનું નિરૂપણ કરે છે. પૂ. નિહાલચંદ સોગાનીજીને કોઈએ પ્રશ્ન કર્યો કે "વસ્તુ સ્વભાવનું લક્ષ થઈ જવાથી કાર્ય થાય જ ને ? ઉત્તર - લક્ષ અને તેનું ધ્યેય બીજું હોવાથી વસ્તુ બીજી દેખાય છે, તેથી લક્ષની પર્યાયથી જોવું નહીં. હું તો ખુદ વસ્તુ છું એમ જોવાથી લક્ષની પર્યાય ગૌણ થઈ જાય છે. ત્યાં તે પર્યાય ઉપર વજન નથી આવતું - મુખ્યતા નથી થતી. તેમાં મુખ્યતા ત્રિકાળીપણાની રહે છે. બસ એક જ વાત છે કે 'હું ત્રિકાળી છું' એમ જામી રહેવું જોઈએ. પર્યાય થવા વાળી થાઓ - યોગ્યતાનુસાર થઈ જાય છે. હું તેમાં જતો નથી. ક્ષયોપશમ હોય, ન હોય, યાદ રહે, ન રહે પરંતુ અસંખ્ય પ્રદેશમાં વ્યાપક થઈ જવું જોઈએ. છતાં તેઓ લખે છે "જ્યાં સુધી ડૂબકી આત્મામાં નથી મારતો ત્યાં સુધી પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ."

એક સાધકની ભાવનાને અક્ષરદેહ આપીએ 'હું ખોવાયેલ છું, મારે મારું શુદ્ધ ચૈતન્ય પ્રગટ કરવું છે. 'શુદ્ધ ચૈતન્ય જ મારું વાસ્તવિક સ્વરૂપ છે' એવું મારા હૈયામાં વસી જાવ. બાકી બીજું બધું નીકળી જાવ. શુભ કે શુદ્ધ પર્યાયનું વેદન કરવા છતાં મારી પરિણતિ સતત શાશ્વત ચેતનતત્ત્વ ઉપર જ ઠરેલી રહે. હું મને, મારા ઉપયોગને મારી અંતરંગ પરિણતિને નિરંતર મારા મૂળભૂત સ્વરૂપ તરફ ખેંચતો રહું. બહારનું આકર્ષણ પૂરેપૂરું નીકળી જાય, કોઈ પણ જાતની સ્પૃહા વિના શુદ્ધ આત્મદ્રવ્ય ઉપર મારી દષ્ટિ - પરિણતિ સ્થિર થાય.

બહારમાં ડોકિયું કરવાની વૃત્તિ ખલાસ થાય - આવો અનુગ્રહ કરો - કૃપા કરો. હે પ્રીતમ ! પ્રેમ લાગણી પ્રગટ કરવાનો અવસર હવે આવી ચૂક્યો છે. પ્રગટ થાઓ, પ્રગટ થાઓ. દરેક સાધક સ્વ - લાગણીને સ્વ-ભાષાથી વ્યક્ત કરતો હોય છે. પૂ. બેનશ્રી ચંપાબેનની અધ્યાત્મ સમાધિભાષા કહે છે, ''જેણે આત્મા ઓળખ્યો છે, અનુભવ્યો છે, તેને આત્મા જ સદા સમીપ વર્તે છે. દરેક પર્યાયમાં શુદ્ધાત્મ દ્રવ્ય જ મુખ્ય રહે છે. વિવિધ શુભભાવો આવે ત્યારે કાંઈ શુદ્ધાત્મા ભૂલાઈ જતો નથી અને તે ભાવો મુખ્યપણું પામતાં નથી. મુનિરાજને પંચાચાર, વ્રત, નિયમ, જિનભક્તિ ઈત્યાદિ સર્વ શુભભાવો વખતે ભેદજ્ઞાનની ધારા, સ્વરૂપની શુદ્ધ ચારિત્રદશા નિરંતર ચાલુ જ હોય છે. શુભભાવો નીચા જ રહે છે; આત્મા ઊંચો અને ઊંચો જ ઊર્ધ્વ જ રહે છે. બધું ય પાછળ રહી જાય છે, આગળ એક શુદ્ધાત્મદ્રવ્ય જ રહે છે.'' અહો ! અહો ! આત્મસ્થૈર્ય પુરુષાર્થ !

પરમકૃપાળુદેવ પત્રાંક ૮૩૩ માં આત્મામાં જબોળાઈને આવતી વાણીમાં લખે છે, ''અજ્ઞાનથી અને સ્વસ્વરૂપ પ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની ભ્રાન્તિ છે. તે જ ભ્રાન્તિ નિવૃત્ત કરી શુદ્ધ ચૈતન્ય નિજઅનુભવપ્રમાણસ્વરૂપમાં પરમ જાગૃત થઈ જ્ઞાની સદાય નિર્ભય છે. એ જ સ્વરૂપના લક્ષથી સર્વ જીવ પ્રત્યે સામ્યભાવ ઉત્પન્ન થાય છે. સર્વ પરદ્રવ્યથી વૃત્તિ વ્યાવૃત્ત કરી આત્મા અકલેશ સમાધિને પામે છે.''

**(ક્રમશઃ)**

## જો જે, તારી માતાને વીસરી ન જતો

એણે પોતાનામાંથી જ તને ઘડ્યો છે દીકરા, તારું સંપૂર્ણ અસ્તિત્વ એને આભારી છે.
એ તારી માતા છે, જીવનદાતા છે.
શિયાળાની કાતિલ ઠંડીની રાતે જાગતાં રહીને બેટા
એણે તારા કાનમાં મીઠાં હાલરડાંનો પ્રવાહ વહેતો રાખ્યો છે,
એણે હંમેશાં તારી આંખમાં જ જોઈ છે આવતી કાલ.
દુનિયાની કોઈ માતા બાળકને જન્મ આપ્યા પછી
કેવળ પોતાને માટે જ નથી જીવતી,
એ જીવે છે મુખ્યત્વે માત્ર પોતાના બાળકો માટે.
એનું વ્યક્તિત્વ પલટાય છે, એનું પત્નીત્વ સમેટાય છે,
ને ત્યાં પ્રગટે છે માતૃત્વ.
માતૃત્વ એટલે પરાર્થે પ્રાણાર્પણ.
એની આંખમાંથી આંસુ ન પડે એની તું સંભાળ રાખજે મારા દીકરા,
તારા તમામ પ્રકારના સુખ માટે નિરંતર પ્રાર્થના માત્ર તારી જનની જ કરે.
કદાચ કુદરત પણ માતાનું કહ્યું સાંભળે છે, અને હું પણ.
મારા દીકરા જોજે, સંસારની ગડમથલમાં તારી માતાને વીસરી ન જતો.

**- દિલીપ ભટ્ટ**

# શ્રી આનંદઘન ચોવીશી

**અશોકભાઈ પી. શાહ**

[પાંચમા તીર્થંકર શ્રી સુમતિનાથ સ્તવનની વિચારણા પૂરી થઈ. છઠ્ઠા તીર્થંકર શ્રી પદ્મપ્રભુ સ્તવનની વિચારણા અગાઉ જાન્યુઆરીથી એપ્રિલ-૨૦૦૯ ના અંકોમાં થઈ હોવાથી, આ અંકથી સાતમા તીર્થંકર શ્રી સુપાર્શ્વનાથ સ્તવનની વિચારણાનો પ્રારંભ કરીએ છીએ.]

## ૭મા તીર્થંકર શ્રી સુપાર્શ્વજિન સ્તવન

**ભૂમિકા :** યોગીશ્વર આનંદઘનજીએ પાંચમા તીર્થંકર શ્રી સુમતિનાથના સ્તવન દ્વારા અંતરાત્માથી પરમાત્મા બનવાનો માર્ગ કંડારી આપ્યો. છઠ્ઠા તીર્થંકર શ્રી પદ્મપ્રભુ સ્તવનમાં આપણે જોયેલું કે કઈ રીતે તેમણે આપણી અને પ્રભુ વચ્ચેનું અંતર મટાડી પ્રભુ સાથે એકત્વ સાધવાની પ્રેરણા કરેલી.

પરમાત્મા સાથે નાતો જોડી આપણા જ શુદ્ધાત્માનું અનુસંધાન કરવાનો જો કોઈ શ્રેષ્ઠ અને સરળ ઉપાય હોય તો તે છે ભક્તિમાર્ગ. તેથી જ પ્રભુભક્તિ તે સર્વ જ્ઞાની પુરુષોની સાધનાનું એક અગત્યનું અંગ બની રહે છે, જેમાં તેઓ ભરપૂરપણે પ્રભુના ગુણોનો મહિમા ગાય છે, કારણ કે...

*"સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે;*
*દરિસણ શુદ્ધતા તેહ પામે."*
(શ્રી દેવચંદ્રજી - મહાવીર સ્તવન)

શ્રી ભક્તામર સ્તોત્રમાં પણ શ્રી માનતુંગાચાર્ય કહે છે :

*"એવો હું છું ગરીબજન તો યે પ્રભુભક્તિ કાજે;*
*શક્તિ જો કે મુજમહીં નથી, ગુણ ગાઈશ આજે."*
(ગાથા - ૫ - ભાષાંતર)

યોગીશ્વર આનંદઘનજી સુપાર્શ્વનાથ ભગવાનના આ સ્તવનમાં પણ પ્રભુના ગુણગાન દ્વારા હરિરસને અખૂટ પ્રેમથી ગાય છે અને આપણા માટે પરમાત્માના ગુણો દ્વારા, પરમાત્માના સ્વરૂપને 'ગુણ-દ્રવ્ય-પર્યયપણે' ઓળખવાની સુવિધા કરી આપે છે.

ચાલો, આપણે તે ભક્તિરસનો લહાવો લઈને પ્રભુભક્તિમાં જોડાઈએ :

**શ્રી સુપાસ જિન વંદિયે, સુખસંપત્તિનો હેતુ લલના;**
**શાંત સુધારસ જલનિધિ, ભવસાગર માંહે સેતુ લલના.**
**શ્રી સુપાસ. ૧**

**શબ્દાર્થ :** જેઓ સુખસંપત્તિના કારણભૂત છે, શાંતભાવરૂપ અમૃતરસના સાગર છે અને ભવ્ય જીવોને ભવસાગર પાર પામવામાં એક પુલ (bridge) સમાન છે, તેવા શ્રી સુપાર્શ્વ જિનેશ્વરને વંદન કરીએ. (શ્રી = જ્ઞાનાદિ લક્ષ્મીના સ્વામી; હેતુ = કારણ; 'લલના' શબ્દ વાક્યના અલંકાર તથા પ્રાસને માટે છે; સુધારસ = અમૃત; જલનિધિ = સાગર; ભવસાગર = સંસારરૂપી સમુદ્ર; સેતુ = પુલ)

**ભાવાર્થ :** 'શ્રી' એટલે જ્ઞાનાદિ આત્મલક્ષ્મીના ધારક એવા સુપાર્શ્વનાથ ભગવાનને વંદન કરીએ ત્યારે ખરેખર તો તેમની વીતરાગતાને વંદન છે. આનંદઘનજી તે પ્રભુના ગુણગાન કરતાં અહીં પ્રભુના ત્રણ ગુણોનો ઉલ્લેખ કરે છે, જેમાં એક તેમનો પારમાર્થિક, સ્વાભાવિક ગુણ છે અને બીજા બે તેમના વ્યાવહારિક ગુણ છે.

**'શાંત સુધારસ જલનિધિ'** આ પ્રભુનો પારમાર્થિક ગુણ છે. પ્રભુ સંપૂર્ણ વીતરાગી હોવાથી

તેમનામાં વિકારનો અનંતાંશ પણ રહ્યો નથી. તેથી સ્વભાવમાંથી જ નિખરતો પરમ શાંત ઉપશમરસરૂપી અમૃતરસના તેઓ જલનિધિ છે, મહાસાગર છે. જલનિધિ શબ્દ તેમના સુખ અને શાંતિની અનંતતા, અસીમતા સૂચવે છે.

આવા સર્વજ્ઞદેવની તાત્ત્વિક ભક્તિથી આપણે પણ સંસારસાગરના કિનારે પહોંચી જઈએ છીએ અને થોડા જ ભવોમાં તેમના જેવી જ 'સુખસંપત્તિ'ના સ્વામી બની શકીએ છીએ. આમ, પ્રભુ નિમિત્ત અપેક્ષાએ જગતનું કલ્યાણ કરનારા હોવાથી તેમના આ બે વ્યાવહારિક ગુણો કહ્યાં કે પ્રભુ 'સુખ સંપતિના હેતુ' છે અને 'ભવસાગર માંહે સેતુ' છે.

પણ અહીં કઈ સુખસંપત્તિની વાત છે, તે સમજવું અત્યંત જરૂરી છે. કોઈ રખે એમ માની લે કે પ્રભુની ભક્તિથી મને શરીર, ધન, વૈભવ, કુટુંબ, પરિવાર આદિની સુખસંપત્તિ મળશે. આનંદઘનજી પાસે આવા નશ્વર સાંસારિક સુખની વાતો કયાંથી હોય ? અહીં તો પારમાર્થિક શાશ્વત સુખસંપત્તિની વાત છે, જેમાં 'સુખ' એટલે આત્માના સહજ સ્વભાવમાંથી આવતું અવ્યાબાધ, નિરાકુળ, અતીન્દ્રિય, નિરપેક્ષ સુખ અને સંપત્તિ એટલે આત્માનું જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, ક્ષમા, સંતોષ આદિ અનંત ગુણોના ભંડારરૂપ ઐશ્વર્ય. આ તે સુખસંપત્તિ છે કે જેને મેળવવા માટે ભરત ચક્રવર્તી, શાલિભદ્ર અને જંબુસ્વામી જેવા મહાપુરુષો પોતાની અઢળક લૌકિક સંપત્તિને ઠોકર મારી પ્રભુના માર્ગે ચાલી નીકળ્યા હતા. હા, પણ એટલું ખરું કે જ્ઞાનીપુરુષોને તેમની પ્રભુભક્તિ અને આત્મજ્ઞાનના ફળસ્વરૂપે પુણ્યાનુબંધી પુણ્યથી ઈન્દ્ર-નરેન્દ્ર આદિ લૌકિક સુખસંપત્તિ પણ સામેથી આવી મળે છે, પરંતુ તેને નશ્વર જાણી તેઓ તો પ્રભુના જેવી જ શાશ્વત સુખસંપત્તિને ઇચ્છતા હોવાથી કહે છે :

*"ઈન્દ્રાદિક પદવી ન ચાહું, વિષયનિમેં નાહીં લુભાઉં;*
*રાગાદિક દોષ હરીજે; પરમાતમ નિજ પદ દીજૈ."*

શ્રી સુપાર્શ્વનાથ આદિ તીર્થંકરોની વંદના-સ્તુતિ પરમ પ્રેમે કરવાથી તેમના બોધેલા તત્ત્વોની શ્રદ્ધા થાય છે, તેમના જેવા જ પોતાના સ્વરૂપની ઓળખાણ થવાથી જીવ સમ્યક્‌દૃષ્ટિ જ્ઞાનીપુરુષ બની થોડા જ ભવોમાં પ્રભુની જેમ મોક્ષલક્ષ્મીને વરે છે. પ્રભુભક્તિ શા માટે અને કઈ રીતે કરવી તેનું સુંદર માર્ગદર્શન શ્રીમદ્‌ રાજચંદ્રજીએ મોક્ષમાળા - શિક્ષાપાઠ - ૧૩ અને ૧૪ માં આપેલ છે, જેનો અભ્યાસ ભક્તજનોને વિશેષ લાભદાયક થશે. આનંદઘનજી પણ હવે પ્રભુભક્તિ કઈ રીતે કરવી અને તેનું કેવું ઉત્તમ ફળ મળે છે તેનો નિર્દેશ કરતાં કહે છે :

**સાત મહાભય ટાળતો, સપ્તમ જિનવર દેવ; લ.**
**સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ. લ.**

**શ્રી સુપાસ. ૨**

**શબ્દાર્થ :** જો આપણે સાવધાનપણે એકાગ્ર મનથી જિનેશ્વરના ચરણકમળની સેવાને ચિત્તમાં અવધારીએ તો આ સાતમા તીર્થંકર આપણા સાત મહાભયને ટાળે છે. (ધારો = ધારણ કરો, અવધારો; જિનપદ = જિનેશ્વરના ચરણકમળ, જિનેશ્વરનું સ્વરૂપ; સેવ = સેવો, ઉપાસો)

**ભાવાર્થ :** સાતમા તીર્થંકર શ્રી સુપાર્શ્વનાથ આપણા સાત મહાભયને ટાળે છે એમ આનંદઘનજી કહે છે ત્યારે એમ સમજવું કે કોઈપણ તીર્થંકરની ભક્તિથી આપણા સાત પ્રકારના ભય ટળે છે. અહીં સુપાર્શ્વનાથનું સ્તવન હોવાથી તેમને મુખ્ય કર્યા છે. આપણા માટે તો ચોવીસે તીર્થંકરોની ભક્તિ થઈ શકે તેવી ચાર ચોવીશીનો ખજાનો આનંદઘનજી, દેવચંદ્રજી, યશોવિજયજી અને મોહનવિજયજીએ આપ્યો છે. વિવિધ તીર્થંકરોની નામરૂપે ભક્તિથી પણ શું ફાયદો થાય તે વાત પણ શ્રીમદ્‌જીએ ઉપરોક્ત શિક્ષાપાઠમાં કરી છે. સાત મહાભય કયા અને તે

કઈ રીતે ટળે છે એ હવે વિચારીએ.

આ સંસારપરિભ્રમણમાં દરેક અજ્ઞાની જીવ જે ભવમાં જાય ત્યાં ભયસંજ્ઞા લઈને જાય છે, જેનાથી તે અનેક પ્રકારે ભયભીત રહે છે. પણ તે સર્વ ભય જે સાત પ્રકારના મહાભયમાં સમાયેલાં છે, તે આ પ્રમાણે શાસ્ત્રમાં કહ્યાં છે :

(૧) **આલોક ભય** : હું આ ધર્મકાર્ય કરીશ તો લોકો નિંદા કરશે એવો ભય. (૨) **પરલોક ભય** : પરભવમાં મારી શી ગતિ થશે તેવો ભય. (૩) **વેદના ભય** : રોગ આવશે તો તેની વેદના હું કઈ રીતે સહન કરી શકીશ તેવો ભય. (૪) **અરક્ષા ભય** : મારું શરીર તેમજ ધનાદિ સંપત્તિનું કેમ કરીને રક્ષણ કરું તેવો ભય. (૫) **અગુપ્તિ ભય** : મારી ગુપ્ત વાતો કે ગુપ્ત ધનાદિ કોઈ જાણી જશે તો ? એવો ભય. (૬) **મરણ ભય** : મારું અચાનક મૃત્યું થશે તો ? એવો ભય. (૭) **અકસ્માત ભય** : ધરતીકંપ આદિ અકસ્માત આવી પડશે તો ? એવો ભય.

સમ્યક્દૃષ્ટિ જ્ઞાનીપુરુષ આ સાતે ભયથી રહિત હોય છે, કારણ કે તેમને 'નિઃશંક્તિ' નામનું અંગ પ્રગટ્યું છે. સર્વ પ્રકારના ભયનું મૂળ કારણ એવો દેહાધ્યાસ એમને ટળી ગયો હોવાથી હવે તેમને કોઈ ભય સતાવી ન શકે. કદાચિત્ ચારિત્રમોહના ઉદયથી કોઈ અલ્પ ભય ઉપજે તો તેને વસ્તુસ્વરૂપ વિચારી આત્મબળથી દૂર કરે છે. જિનેશ્વરદેવે અનંત કૃપા કરી જે તત્ત્વો પ્રરૂપ્યા, તેના નિઃશંક તત્ત્વશ્રદ્ધાનથી આવી નિર્ભયતા પ્રગટી હોવાથી જિનેશ્વરદેવને 'સાત મહાભય ટાળનાર' કહી આનંદઘનજી ગુણગાન કરે છે.

ખરેખર તો સંસાર એ સર્વ પ્રકારના ભયને રહેવાનું સ્થાનક છે એમ શ્રીમદ્જી પત્રાંક - ૬૬૪ માં કહે છે. જીવે અજ્ઞાનવશ સંસારમાં જ્યાં જ્યાં સુખ માન્યું છે, તે જ કેવા ભયના સ્થાનક છે તેનું દર્શન કરાવતાં શ્રી ભર્તૃહરિ વૈરાગ્યશતકમાં કહે છે : "ભોગમાં રોગનો ભય છે; ઊંચ કુળમાં પડવાનો ભય છે; લક્ષ્મીમાં રાજાનો (Tax નો) ભય છે; માનમાં દીનતાનો ભય છે; બળમાં શત્રુનો ભય છે; રૂપથી સ્ત્રીને ભય છે; શાસ્ત્રજ્ઞાનમાં વાદનો ભય છે; ગુણમાં નિંદાનો ભય છે અને કાયા પર મરણનો ભય છે, એમ સર્વ વસ્તુ ભયવાળી છે, માત્ર એક વૈરાગ્ય જ અભય છે."

આપણે પણ જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી અભયપદને પામી શકીએ, તે માટેનો ઉપાય બતાવતા આનંદઘનજી કહે છે : **"સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ."** આપણું મન જે નિરંતર પરપદાર્થોની આસક્તિ અને મોહને લીધે ભયભીત રહે છે, તેને સાવધાન કરી જિનેશ્વરના ચરણકમળમાં સ્થાપિત કરીએ, એટલે કે મનને જો જિનઆજ્ઞામાં, જિનેશ્વરના બોધેલા ધર્મમાં નિરંતર પરોવીએ, તેમની આજ્ઞા આરાધન એ જ ધર્મ, એ જ તપ અને એ જ જિનપદની સેવા, એવા નિર્મળ ભાવને જો ધારણ કરીએ તો ક્રમશઃ તેમના પ્રરૂપેલા જડ-ચેતન આદિ તત્ત્વોની શ્રદ્ધા થાય, નિજ ચૈતન્ય તત્ત્વનો મહિમા જાગે, શરીર-ધન-વૈભવ આદિ જડતત્ત્વોનો મહિમા ઘટતો જાય અને અંતે વૈરાગ્ય-ઉપશમ અને તત્ત્વનિર્ણયના બળે આત્મદર્શન થતાં આપણા જ્ઞાનસ્વરૂપના અવિનાશીપણાની નિઃશંક શ્રદ્ધા થતાં 'મેરુ તો ડગે પણ જેના મન ના ડગે' જેવી નિર્ભયદશા પ્રાપ્ત કરી શકાય. સમ્યક્દૃષ્ટિ મહાત્માની આવી નિર્ભયતાનો ઉલ્લેખ શ્રી અમૃતચંદ્રાચાર્યે સમયસાર કળશ ૧૫૪ માં કર્યો છે, જે જિજ્ઞાસુઓએ ત્યાંથી અવલોકવા યોગ્ય છે.

આપણે પણ મનને સાવધાન કરી જિનપદમાં ચિત્ત પરોવી, જિનભક્તિમાં લીન થઈ આવી નિર્ભયતાને પામીએ એ હેતુથી જિનેશ્વરની તાત્ત્વિક ભક્તિ અને ગુણગાન કરવા માટે આનંદઘનજી હવે પછી જિનેશ્વરના અનેકવિધ ગુણોનો પરિચય આપશે, જેનું આપણે યથા અવસરે અવગાહન કરીશું.

**(ક્રમશઃ)**

# ભૂલ ભારે પડી

**ચંદ્રહાસ ત્રિવેદી**

યુનાનમાં એક મોટો શિલ્પી થઈ ગયો. તે કોઈ પણ આકૃતિનું આબેહૂબ શિલ્પ બનાવી શકતો હતો. તેણે બનાવેલી મૂર્તિઓ અને ભગવાને કરેલા સર્જનમાં ફક્ત એક જ ભેદ રહેતો હતો અને તે ચેતનાનો. દેશ-પરદેશમાં શિલ્પીની કલાકૃતિઓની પ્રશંસા થતી હતી અને તેનાથી તેના મનમાં અહંકારનાં બીજ વવાઈ ગયાં. ધીમે ધીમે શિલ્પીને લાગવા માંડ્યું કે આ પૃથ્વી ઉપર મારી બરોબરી કરી શકે તેવો કોઈ શિલ્પી નથી. પછી તો તે વિચાર તેના મનમાં એટલો સઘન થઈ ગયો કે તેણે પોતાના જેવી મૂર્તિઓ બનાવવા માંડી અને થોડાક સમયમાં પોતાના જેવી જ અગિયાર મૂર્તિઓ તૈયાર થઈ ગઈ.

મૂર્તિ કેટલી આબેહૂબ છે તેની ખાતરી કરવા માટે તેણે એક મૂર્તિ ઘરના ચોકમાં ગોઠવી. જે કોઈ આવે તે શિલ્પીની મૂર્તિ જોઈને ભુલાવામાં પડી જાય અને તેની મૂર્તિને જ શિલ્પી માની લઈને તેની સાથે બોલચાલનો વ્યવહાર કરે. ત્યારપછી શિલ્પી ઘરની અંદરના ભાગમાંથી બહાર આવે અને આગંતુક સાથે વાત કરવા માંડે. આગંતુક કેટલીક વાર આવી મશ્કરીથી છોભીલો પડી જાય તો કોઈ શિલ્પીની રમૂજને માણીને શિલ્પીની કળાની પ્રશંસા કરવા લાગે. જેમ જેમ શિલ્પીની પ્રશંસા થતી જાય તેમ તેમ શિલ્પી મનોમન ફુલાતો જાય અને તેનો અહંકાર અક્કડ થતો જાય. આખા નગરમાં શિલ્પીની પોતાની જ આ પ્રતિકૃતિઓની વાત ફેલાઈ ગઈ અને એક દિવસ તો રાજા પોતે શિલ્પીના આ અદ્‌ભુત શિલ્પને જોવા તેને ત્યાં આવી પહોંચ્યા. બસ, પછી તો શિલ્પીને એટલું અભિમાન થઈ ગયું કે તેના મનમાં વિચાર આવ્યા કે મારી આ મૂર્તિથી શું હું યમરાજાને ભુલાવામાં ન નાખી શકું ? આ વિચાર પુષ્ટ થતાં તેણે યમરાજાને છેતરવાની હામ ભીડી.

મૃત્યુનો સમય નજીક આવ્યો છે એમ જ્યારે લાગ્યું ત્યારે શિલ્પીએ અગિયાર મૂર્તિઓ ઘરના પ્રાંગણમાં ગોઠવી અને એક મૂર્તિની અંદર પોતે ગોઠવાઈ ગયો. શિલ્પીનું આયુષ્ય પૂરું થઈ ગયું હતું એટલે યમરાજા તેને લેવા આવ્યા પણ તેમણે ઘરના પ્રાંગણમાં એક નહિ પણ અગિયાર શિલ્પીને જોયા. આ અગિયાર શિલ્પીમાં સાચો શિલ્પી કોણ તે ઓળખવાની વિમાસણમાં યમરાજા પડી ગયા. યમરાજાની મતિ મૂંઝાઈ જતાં તેઓ વિષ્ણુ પાસે ગયા અને પોતાની મૂંઝવણ રજૂ કરતાં માર્ગદર્શન માગ્યું. વિષ્ણુએ તેને એક કીમિયો બતાવ્યો, જે જાણીને યમરાજા ફરીથી શિલ્પીને ત્યાં આવ્યા અને અગિયારે મૂર્તિઓનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરવા લાગ્યા. જાણે કે યમરાજા શિલ્પીની કળામાં ખોવાઈ ગયા. થોડીક વાર પછી તેઓ એક મૂર્તિ પાસે રોકાયા અને તેને ધ્યાનપૂર્વક જોતાં બોલ્યા, ''શિલ્પી, તારી કળા અદ્‌ભુત છે પણ અહીં તું ભૂલ્યો છે. તારી મૂર્તિઓ બિલકુલ તારા જેવી છે પણ આ મૂર્તિમાં એક ભૂલ રહી ગઈ છે.''

એક મૂર્તિમાં છુપાયેલો શિલ્પી એકદમ બોલી ઊઠ્યો, ''ક્યાં ભૂલ રહી ગઈ છે ?''

યમરાજા હસી પડતાં બોલ્યાં, ''તે બધું કર્યું પણ તું તારી જાતને ભૂલી શકતો નથી - એ કંઈ

ઓછી ભૂલ છે ? તેને કારણે તું પકડાઈ ગયો. હવે તું બહાર આવી જા અને મારી આગળ થઈ જા, નહિ તો મારે પાશ નાખીને તને ઘસડવો પડશે.''

યુનાનની આ કથાને સત્યતાની એરણ ઉપર ચઢાવીને ચકાસવાની નથી. આવી વાતો સત્ય નથી હોતી પણ સત્યની દ્યોતક હોય છે. આ કથાનકોનાં અજવાળામાં સત્યની ઝાંખી કરી લેવાની હોય છે અને જીવનની આગળની યાત્રા માટે માર્ગદર્શન કરી લેવાનું હોય છે. સંસારની મોટામાં મોટી સિદ્ધિ અહંકારને નામશેષ કરવામાં છે - પોતાના અહંને ભૂલવામાં છે. **અહંકાર અને મમકાર, લોક અને પરલોક બન્ને માટે બાધક છે. મનુષ્યનો અહંકાર - હુંકાર ઐહિક અને આધ્યાત્મિક બન્નેની પ્રગતિમાં આડો આવે છે.** અહંકારની વિસ્મૃતિ થયા વિના પરમાત્માની પ્રાપ્તિ થતી નથી. સ્વયંને ભૂલી જઈને શેરીઓમાં ઘૂમતી મીરાંને તેનો ગિરધર ગોપાળ મળી ગયો હતો. પોતાના અસ્તિત્વ સહિતના સકળ સંસારને માયા તરીકે ઓળખ્યા પછી શંકરાચાર્યે બ્રહ્મને એકમેવ સત્ય ગણી ઘોષણા કરી સંસારને પાર કરી ગયા અને બ્રહ્મમાં લીન થઈ ગયા. અહંકાર ઓગળી જતાની સાથે સત્ય કે પરમ સત્યની આડેનો પડદો હઠી જાય છે અને ત્યાર પછી જીવાત્મા નિજધામમાં સ્થિતિ કરી લઈને કૃતકૃત્ય થઈ જાય છે.

• • •

## CREATIVE DEFINITIONS

- **School** : A place where papa pays and son plays.
- **Life Insurance** : A contract that keeps you poor all your life so that you can die rich.
- **Conference** : The confusion of one man multiplied by the number present.
- **Compromise** : The art of dividing a cake in such a way that everybody feels he got the biggest piece.
- **Conference Room** : A place where everybody talks, nobody listens and everybody disagrees later on.
- **Father** : A banker provided by nature.
- **Boss** : Someone who is early when you are late and late when you are early.
- **Politician** : One who shakes your hand before elections and your confidence after.
- **Doctor** : A person who kills your ills by pills, and kills you by bills.
- **Etc.** : A sign to make others believe that you know more than you actually do.
- **Committee** : Individuals who can do nothing individually and sit to decide that nothing can be done together.
- **Atom Bomb** : An invention to end all inventions.

# જિનાગમ : આત્મસુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ

ડૉ. ધનવંતીબેન નવીનચંદ્ર મોદી

અરે ! આ કેવા અજબગજબ મોલમાં હું આવી ચડી છું ? નામ પણ કેવું ? કેર એન્ડ કેર મોલ વાહ ! ચારે બાજુ કેવો શીતલ દિવ્ય પ્રકાશ ! આ મોલમાં ૩૨ સ્ટોલ છે, હીરા - માણેક, અમૂલ્ય રત્નોથી ભરેલા ! શું કહ્યું ? ખરીદવાં હોય એટલા ખરીદો ! પણ એક શરત ! તેને રોજ વાપરવાના, ચોરાઈ નહીં જાય એની ગેરંટી.

ત્યાં તો આંખ ખુલી ગઈ ! વાસ્તવિકતા એ હતી કે 'જિનાગમ : આત્મસુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ' એ વિષય પર વિચાર કરતાં હું સૂઈ ગઈ હતી. ચાલો જોઈએ !

ખરેખર જિનાગમ એ આત્મસુધારણનો દસ્તાવેજ છે, પણ તે અમૂલ્ય શા માટે ? કારણ આપણા અનંત ઉપકારી દેવાધિદેવ જેવા પ્રખર સોલીસીટરે તેની બ્રીફ લખી છે અને તેનો વિસ્તાર કર્યો છે. બુદ્ધિના બૃહસ્પતિ જેવા ગણધરોએ ! ત્રૈકાલિક આ પત્ર પર સહી-સિક્કા તીર્થંકરોનાં છે એટલે જે તે અમૂલ્ય બની ગયો છે. આ દસ્તાવેજ છે કોના માટે ? શા માટે ? આ દસ્તાવેજ તો ભવ્ય જીવોની આત્મસુધારણા માટે છે. આવા **આપ્તપુરુષોની વાણી એટલે આગમો. આત્મા તરફ ગમન કરાવે તે આગમ.**

જિનાગમ એ તો ભવઅરણ્યમાં ભૂલાં પડેલાં ભટકતાં પ્રાણીઓ માટે ભોમિયો છે, પથપ્રદર્શક છે. એ સાઈન બોર્ડ તમને ચેતવશે. છતાં ન ચેતો તો અકસ્માત નક્કી છે. આપણને ઊર્ધ્વપંથના યાત્રી બનાવવા માટે આગમો આદેશકનું નહીં, ઉપદેશકનું કામ કરે છે. આત્મસુધારણા દ્વારા સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ સુધીનાં ભિન્ન ભિન્ન સોપાનોને ક્યારેક આચાર અને તત્ત્વના માધ્યમથી તો ક્યારેક કથાનકના માધ્યમથી સંયોજિત કરવામાં આવ્યાં છે.

ઘણા કહે છે કે આત્માની અનંત શક્તિ છે. તે પોતાનો સ્વભાવ જાતે જ પ્રગટ કરે છે. તેમાં બળની - પુરુષાર્થની શી જરૂર ! અરે ભાઈ, જેમ બીજમાં સ્વતઃ ઊગવાની, ખીલવાની અને ફળ આપવાની શક્તિ છે છતાં ખેડૂતે બાધક કચરો દૂર કરી, ક્ષેત્ર - વિશુદ્ધિ કરી બીજને પાંગરવાની અનુકૂળતા કરી આપવી જ રહી. તેમ આત્મબીજ પર આવરણ રૂપ બાધક તત્ત્વો જેવાં કે આસ્રવ, કષાય, પ્રમાદ વગેરેને હટાવવા માટે સંયમ, તપ અને ક્રિયાશીલતાની પૂરેપૂરી જરૂર છે. નાચનાર દોર પર વાંદરો બેઠો હોય તો નટ નાચી ન શકે, તેમ આત્મા રૂપી નટ સ્વયં નાચશે પણ તેનો દોર ખાલી હોવો જોઈએ. અવરોધક વાંદરાને હટાવવો જ રહ્યો.

ઉપરોક્ત સમજ માટે ૩૨ આગમમાંથી ચાર મૂળસૂત્રો જ પર્યાપ્ત છે. એમાંય ઉત્તરાધ્યયન સૂત્રની કેશી-ગૌતમ સંવાદની એક ગાથા જ પર્યાપ્ત છે.

**એગે જિએ જિયા પંચ, પંચ જિએ જિયા દસ ।**
**દસહા ઉ જિણિત્તાણં, સવ્વ સતુ જિણામહં ॥**

આત્મસુધારણા કરવા એક બહિરાત્માને જીતવાથી ચાર કષાયો અને પાંચમું મન જીતી શકાશે, મન ઉપશાંત થતાં જ પાંચ ઈંદ્રિયો જીતાય,

તે પોતાની દુષ્પ્રવૃત્તિઓ છોડે જ. આમ જાત-સુધારણા કરવા આંતરયુદ્ધ કરવું એ જ શ્રેષ્ઠ ઉપાય છે.

ખરેખર ઉત્તરાધ્યયન સૂત્ર તો પરમપિતા મહાવીરે પોતાના સંતાનોને આપેલી અંતિમ શિખામણ છે. આમ તે વીરપ્રભુનું પ્રતિનિધિત્વ કરાવનાર આગમ છે, જે ગંભીર અધ્યેતાઓ માટે તો ઉપયોગી છે, પણ સામાન્ય જન માટે પણ તેમાં પર્યાપ્ત સામગ્રી છે. તેમાં કહે છે કે તારે આત્મસુધારણા કરવી છે તો તો વિનય ગુણ કેળવ. માન કષાયનો નાશ કરી તું ઇચ્છાપૂર્વક સહનશીલતા કેળવી ૨૨ પરિષહ જીત. સમ્યક્ પરાક્રમ એ તો આધ્યાત્મિક વિકાસની કેડી છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનો સમન્વય કર - એ અષ્ટપ્રવચનમાતાની ગોદમાં તને વાત્સલ્યભરી હૂંફ મળી જ રહેશે. વળી, ઉત્તરાધ્યયન સૂત્રમાં તો ચારે અનુયોગનો અર્થપૂર્ણ સંગમ થયો છે.

નંદીસૂત્ર કહે છે કે પાંચેય જ્ઞાનમાં શ્રુતજ્ઞાન એ મુક્તિસીડી પર ચડવાનું પ્રથમ સોપાન છે. અત્યારે પાંચમાં આરામાં કેવળજ્ઞાન ભલે વિચ્છેદ ગયું પણ શ્રુતજ્ઞાન જતાં તો જૈનધર્મ જ વિચ્છેદ થશે. આ આરાના અંત સુધી ભવ્ય જીવો શ્રુતનૌકાને આધારે જ તરશે.

દશવૈકાલિક સૂત્ર તો સંતોની મૂળગી મૂડી છે. આગમકારો માનવજીવન ચારિત્રવિહોણું ન બને માટે આચરણનાં ચરણ આપે છે. આ સૂત્રની આ એક જ ગાથા સાધકને જીવનકળા શીખવવા પર્યાપ્ત છે.

**જયં ચરે, જયં ચિટ્ઠે, જયં આસે, જયં સએ,**
**જયં ભુંજંતો, ભાસંતો, પાવં કમ્મં ન બંધઈ ॥**

બસ, બધી જ પ્રવૃત્તિ કરો પણ જતનાપૂર્વક કરો, જેથી પાપકર્મ ન બંધાય. આત્મા વિશુદ્ધ જ રહે. ખરેખર આ વાંચતા હૃદય ગદ્ગદ્ થઈ જાય છે કે સાધકને બચાવી લેવા, દરેક રીતે તૈયાર કરવામાં આગમકારે કેટલી કરુણાસભર કાળજી લીધી છે !

ઉપરોક્ત ગાથા સાથે આચારપ્રધાન જૈનધર્મના પાયારૂપ આગમોમાં પ્રથમ સ્થાન જેનું છે તે આચારાંગ સૂત્રને તો ન જ ભુલાય. સાધકોના જીવનમાં જરા પણ દોષ ન લાગે એ માટે કેવી સલુકાઈથી બાહ્ય અને આંતરિક આચાર-પાલનની વાતો એમાં બતાવી છે. જ્યાં ખીલી મારવી પડે ત્યાં ખીલી મારી છે, ટાંકા મારવા પડે ત્યાં ટાંકા માર્યા છે. સંયમજીવનના પાયારૂપ આ સૂત્ર આત્મસુધારણાના અભિલાષીઓએ વાંચવું જ રહ્યું.

સામાન્ય જનમાનસને વ્યવહાર જ સ્પર્શે છે. વ્યવહાર શુદ્ધ થયા પછી જ અધ્યાત્મ માર્ગમાં પ્રવેશી શકાય છે. આજે કેટલાક પક્ષો વ્યવહારને મૂકી માત્ર આત્માની વાતો કરે છે પણ મૂળ વગરનું વૃક્ષ પડી જાય. આ માટે પ્રશ્નવ્યાકરણ સૂત્ર એક અદ્ભુત શાસ્ત્ર છે. આ સૂત્રમાં આસ્રવ અને સંવરનું સચોટ કથન છે. જીવ આસ્રવથી ઘેરાયેલો છે. કષાયરૂપ આસ્રવના દરવાજા બંધ ન થાય ત્યાં સુધી પાણી ડહોળું જ રહેવાનું. સમાજની જડ બદીઓનું આસ્રવ દ્વારા વર્ણન છે, તો સંવરના નામે વ્યક્તિ અને સમાજના ઉત્થાનની વાતો છે. જૈન આગમમાં માત્ર વ્યક્તિગત સુધારણાની નહીં પણ સામાજિક સુધારણાની દૃષ્ટિ પણ જોવા મળે છે. અરે, વિશ્વશાંતિ સ્થાપવાની તાકાત તેમાં છે.

'વિના દૃષ્ટાંત નહિ સિદ્ધાંત' એ ન્યાયે જ્ઞાતાધર્મકથાનુયોગ, તેમજ ઉત્તરાધ્યયનના કેટલાક અધ્યયન, અંતગડ સૂત્ર વગેરેમાં કથાના માધ્યમથી આત્મસુધારણા કરી બે ઘડીમાં છદ્માવસ્થામાંથી

ક્ષપકશ્રેણી માંડી, શૈલેશીકરણ કરી મુક્તિને વરનારા મહાપુરુષોની પ્રેરણાત્મક વાતો છે. જેમ કોરા લોટને શીરા રૂપે પરિવર્તન કરીએ તો સહજ રીતે ગળે ઊતરે એમ સિદ્ધાંતની વાતો જરા પણ બોઝિલ બન્યા વિના કથાના માધ્યમે જીવનમાં વણાઈ જાય છે. ઈક્ષુકાર રાજા, ચિત્તસંભૂતિ, મૃગાપુત્ર વગેરે કેટલાંય પાત્રો દ્વારા આત્મસુધારણાનો માર્ગ સચોટ રીતે દર્શાવાયો છે. અરે, નાના રાયપસેણીય સૂત્રમાં પરદેશી રાજાના માધ્યમે નાસ્તિકતા, ક્રોધ, અહંકાર, કામવાસનાની સાથે સત્સંગના પ્રભાવથી થતાં ઉચ્ચ કોટિના ત્યાગની વાતો એવી અદ્ભુત રીતે સંયોજી છે કે રાયપસેણીય સૂત્ર એક ઉચ્ચકોટિનું સાહિત્યરત્ન બન્યું છે.

કથા શીતળતા આપનાર વૃક્ષ છે. પાત્રો પ્રત્યે આદરભાવ, કરુણાભાવ કે ભક્તિભાવ પ્રગટે એ તેનું ફળ છે. કથા સાંભળ્યા પછી શુભ ભાવોને અવધારવા, ગુણાત્મક ભાવોનું અનુકરણ કરવું અને વિગુણાત્મક ભાવોનો પરિહાર કરવો - છોડવાં તે ધર્મકથાનુયોગનું રહસ્ય છે.

'કડાણ કમ્મં ન મોકખ અત્થિ' નો સિદ્ધાંત એ વિશ્વના દાર્શનિક ચિંતનોમાં જૈનધર્મે આપેલી સર્વોત્તમ ભેટ છે. કથાના માધ્યમે આ સિદ્ધાંત સમજાવતી વિશિષ્ટ રચના એટલે વિપાકસૂત્ર. વળી, વિપાકસૂત્ર બીજી એક વાત પણ કહે છે કે સાધનાથી ચલાયમાન પાપીમાં પાપી જીવોનો પણ તિરસ્કાર ન કરો, પુરુષાર્થથી તેઓ પણ અંતે મોક્ષગામી બને છે. વાહ કેવી ઉદારતા !

કથાની વાત કરતાં ઉપાસકદશાંગનો વિશેષ ઉલ્લેખ કરવો જ પડે. આ એકમાત્ર એવું અનન્ય આગમ છે કે જેમાં સંપૂર્ણ રીતે શ્રાવક જીવનની વાતો છે. વીરપ્રભુના સમકાલીન ૧૦ મુખ્ય, એકાવતારી શ્રાવકના જીવનનું તાદશ ચિત્ર છે. શ્રાવક માટે તો આ સૂત્ર દીવાદાંડી જેવું છે. ભોગમાંથી ત્યાગ તરફ જવાના માર્ગને પ્રદર્શિત કરતું આ સૂત્ર ઉપાસકોની અમૂલ્ય નિધિ છે.

શ્રમણ હોય કે શ્રાવક હોય, આત્મશુદ્ધિ માટે નાનાં કે મોટાં વ્રતનિયમ અવધાર્યા એટલે જીવનની ઈતિશ્રી ન મનાય. ક્યારેક મોહનીય કર્મના ઉદયે તો ક્યારેક વર્તમાનના મંદ પુરુષાર્થે સાધક જાણતાં કે અજાણતાં સ્ખલના પામે છે. દોષસેવન કરે છે. વીરપ્રભુએ અત્યંત કરુણાભાવે સાધનાની ખૂટતી કડીરૂપ ચાર છેદસૂત્રોની રચના કરી છે. પ્રાયશ્ચિત્ત એ ચારિત્રના છિદ્રોને પૂરી રફુ કરનાર સોંયદોરો છે. ચારે છેદસૂત્રો જિંદગીનાં છિદ્રોની સારવાર કરનાર અનુપમ સૂત્રો છે. આ માટે ગુરુદેવ પાસે જઈ જે દોષ થયા છે તે યથાતથ્ય રૂપે કહી, તેની આલોચના કરવી. કપટ કરી દોષ છુપાવવા નહીં કારણ આત્મશુદ્ધિ વિના શાંતિ, સ્વસ્થતા કે સ્વરૂપની ઓળખાણ શક્ય નથી.

કોઈ વ્યક્તિ ૩૧ આગમોનું વાંચન, ચિંતન, મનન અને નિદિધ્યાસન કર્યા પછી ઉભયકાળે આવશ્યક ક્રિયા કરે નહિ તો પાપથી પાછી ન ફરી શકે, આત્મસુધારણા ન થાય. **જૈનદર્શનમાં આત્મસુધારણા માટે બે અમૂલ્ય ઉપાયો બતાવ્યા છે - પ્રાયશ્ચિત્ત અને પ્રતિક્રમણ.** આવશ્યક સૂત્ર એ આત્મસુધારણાનું તાળું ખોલવાની અનુપમ ચાવી છે. જ્ઞાતાસૂત્રમાં તીર્થંકર નામકર્મ બાંધવાનાં ૨૦ કારણોમાંનું એક કારણ ઉભયકાળે પ્રતિક્રમણ - પણ બતાવ્યું છે. ચારે તીર્થને ઉભયકાળે જે કરણી અવશ્ય કરવાની છે તે છે આવશ્યક - એટલે કે પ્રતિક્રમણ. જેને વ્રતધર્મની પ્રાપ્તિ નથી થઈ તેને વ્રતધર્મની પ્રાપ્તિ કરાવવા અને જેને વ્રતધર્મની પ્રાપ્તિ થઈ છે તેવા સંયમીને ચારિત્રધર્મની વિશુદ્ધિ માટે પ્રતિક્રમણ કરવું આવશ્યક છે. કારણ આ સૂત્રમાં શું નથી ? બારીકાઈથી તપાસતાં ચારે

અનુયોગ તેમાં સમાયા છે. આર્યભટ્ટ કે આઈન્સ્ટાઈનને પણ ભૂલભૂલામણીમાં નાખી દે એવો ગણિતાનુયોગ બીજા મોટા ખામણામાં છે. તત્ત્વોની વિપુલતાવાળો દ્રવ્યાનુયોગનો ઝપાટો ચોથા શ્રમણસૂત્રમાં જોવા મળે છે. તો ચરણ-કરણાનુયોગનો સપાટો તો પૂરા પ્રતિક્રમણમાં ઠેરઠેર જોવા મળે છે. વળી એક એક પાઠ, અરે કયાંક કયાંક તો એક એક પદ સાથે કથા જોડી જ્ઞાની જનો સમજાવે તો સાધકોને વીર, કરુણ, અદ્‌ભુત આદિ રસોથી ભરપૂર ધર્મકથાનુયોગનો લાભ પણ મળે. વ્યક્તિની વાતથી આગળ જઈએ સમસ્ત વિશ્વના સળગતાં પ્રશ્નો જેવાં કે વિશ્વશાંતિ, પર્યાવરણ, વસ્તીવધારો, આર્થિક સંતુલન આદિનો ઉકેલ પહેલાં પાંચ વ્રતમાં છે - અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ. આ પાંચ વ્રતનું યથાશક્તિ પાલન કરવાથી કેટલી સમસ્યા સરળ બની જાય ! **જીવો અને જીવવા દો - બસ આ સૂત્ર એ તો વિશ્વસુધારણાનો પાયો છે.**

પ...ણ હા, યંત્રવત્ છ આવશ્યક બોલી પ્રતિક્રમણ કરી લેવું એ માત્ર દ્રવ્યપ્રતિક્રમણ છે. કોઈ જ્ઞાની ગુરુ પાસે શીખી, સમજી, એક એક શબ્દને સમજણપૂર્વક ભાવથી બોલીએ તો પ્રતિક્રમણ એ માત્ર વાચિક કે કાયિક સ્તર પર એક માત્ર રોજિંદી ક્રિયા ન રહેતાં, માત્ર ઔપચારિક ન રહેતાં આત્મસુધારણાનું જબરદસ્ત નિમિત્ત બને. તો જ સમજાશે કે આ સૂત્ર તો જ્ઞાન-વિજ્ઞાનનો, આચાર-વિચારનો, ન્યાય-નીતિનો, ધર્મ અને દર્શનનો, અધ્યાત્મ અને અનુભવનો અક્ષયનિધિ છે. **ખરેખર, પ્રતિક્રમણ એ તો પાપ ધોવાનું વોશીંગ મશીન છે. આત્મસુધારણાનું અનુપમ બ્રશ છે. કર્મરોગથી પીડાતા રોગી માટે રામબાણ ઔષધ છે.** જીવોને સતત લાગતા દોષોની નિવૃત્તિ વગર આત્મસુધારણા ન થાય. આત્મસુધારણાના હાથવગા સાધન જેવું આવશ્યક સૂત્ર સમજી, કંઠસ્થ કરી ઉભયકાળે તેની આરાધના કરવી જ રહી. સર્વ અંગ, ઉપાંગ, છેદ અને મૂળ સૂત્રો જેમાં સમાયાં, તે આધારશિલા જેવા આવશ્યક સૂત્રોનો સધ્ધર આધાર લેવો જ રહ્યો.

જિજ્ઞાસુ શ્રાવકોએ તો પોતાના ઘરની અંગત લાયબ્રેરીને આગમોથી અલંકૃત કરવી જ રહી. તેનું વાંચન-મનન કરી જ્ઞેય-હેય-ઉપાદેય બુદ્ધિથી આત્મસુધારણા કરવી જ રહી. તત્ત્વોને યથાર્થ જાણવા તે જ્ઞેયની આરાધના છે. યથાર્થને જાણી રાગદ્વેષ, વિષય-કષાયોને છોડવાનો પુરુષાર્થ કરવો તે હેયની આરાધના છે. આત્મસુધારણાના ઉપકારી તત્ત્વ એવા સંવર-નિર્જરા - મોક્ષ તત્ત્વને પામવા અશુભ કર્મોનો બંધ અટકાવી, પૂર્વ સંચિત કર્મોના નાશ અર્થે અનશન, સ્વાધ્યાય આદિ ૧૨ તપની આરાધના કરવી તે ઉપાદેયના આચરવા યોગ્ય કર્તવ્યોની આરાધના છે.

આમ, સમગ્ર રીતે મૂલવતાં જિનાગમ એ આત્મસુધારણાનો અમૂલ્ય દસ્તાવેજ છે, જેમાં પદે પદે હીરા ઝળકી રહ્યા છે. આ બધાના સાર રૂપ એક જ સૂચન સામાન્ય જન માટે કરવા ઈચ્છું છું કે આગમના ખજાનામાંથી કમ સે કમ આ એક રત્ન અવશ્ય ધારણ કરે.

**ખામેમિ સવ્વે જીવા, સવ્વ જીવાવિ ખમંતુ મે ।**
**મિટ્ટીમેં સવ્વ ભૂએસુ, વેરં મજઝં ન કેણઈ ॥**

બધા જીવોની ક્ષમા માગો - બધાને ક્ષમા આપો - પ્રાણીમાત્ર સાથે મિત્રતા. બસ મુક્તિ મંઝિલે પહોંચવા, જાગવા માટે આ એલાર્મ મૂકો તો અનંતકાળથી કુંભકર્ણની જેમ સૂતેલો આત્મા જાગી જશે. તેથી જ તો હું કાયમ ગણગણું છું કે

**વીતરાગ તારી વાણી અંતરને ગમે છે,**
**આત્મસુધારણાની ચાવી મને ગમે છે.**

• • •

# અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
(ક્રમાંક - ૬)

**વલભજી હીરજી 'કેવલ'**

**પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,**
**પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;**
**દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ પ્રતિબંધ વણ,**
**વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો.**
**અપૂર્વ૦ ૬.**

ધન્ય ભાવના ! ધન્ય એ અપૂર્વ સાધક સ્વભાવની નિર્ગ્રંથદશા ! અપૂર્વ સાધકદશાની ભાવના છે. જેટલો પુરુષાર્થ ઉપડે તેટલું જ કાર્ય સહેજે થાય. જેને જ્ઞાનીને ઓળખવા છે તેણે મધ્યસ્થતા તથા આદર સહિત તેમના પ્રત્યે અવલોકન કરવું. તેમની વાત ઉપર મધ્યસ્થતાથી વિચાર કરવો, ને મતાર્થ, માનાર્થ, સ્વચ્છંદ આદિ દોષો ટાળીને અતીન્દ્રિય આત્મધર્મનો વિચાર કરવો.

**'પંચ વિષયમાં રાગદ્વેષ, વિરહિતતા'** પાંચ પ્રકારના વિષય - નિંદા પ્રશંસાના શબ્દ, સુંદર-અસુંદર રૂપ, ખાટો-મીઠો રસ, સુગંધ-દુર્ગંધ ગંધ, સુંવાળો - કર્કશ સ્પર્શ એ બધામાં રાગ-દ્વેષ થવા જોઈએ નહિ અને વિશેષ કરીને તેમની ઉપેક્ષા વર્તવી જોઈએ. સ્વરૂપ સ્થિરતાની રમણતામાં પ્રકૃતિનાં શુભ-અશુભ પક્ષનું લક્ષ પણ ન હોય, જ્ઞાતા સ્વરૂપનાં પૂર્ણ ધ્યેય આગળ વિષય-કષાયનો વિકલ્પ પણ ન આવે, ગમે તેવા પ્રતિકૂળ - અનુકૂળ પુદ્‌ગલ રચનાના વિકૃત ગંધ-રસ, રૂપના ગંજના ગંજ પડ્યા હોય છતાં તે નિમિત્તની અલ્પ પણ અસર ન થાય.

**'પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો'** પાંચ પ્રકારના પ્રમાદ થઈ ન જાય એટલે કે સ્વરૂપમાં અસાવધાની ન થાય. પ્રમાદ પાંચ પ્રકારના છે - મદ, કષાય, વિષય, નિંદા, વિ-કથા. **મદ** - પોતાના સ્વરૂપની જેને મહત્તા વર્તે છે તેને પરવસ્તુના ક્ષણિક સંયોગની મમતા કેમ આવે ? જ્ઞાની ધર્માત્માને **વિષય** - **કષાય**થી ક્ષોભ ન થાય. જ્ઞાનસ્વરૂપની સ્થિરતામાં કોઈ પણ સંયોગે ક્ષોભ કે અસ્થિરતા ન થાય. **વિકથા** - આત્માની ધર્મકથા ભૂલીને પરકથા માંડે તેવી વૃત્તિ પણ ન આવે. જેને મોક્ષની પૂર્ણ પવિત્રતાનો પ્રેમ છે તેને સંસારના વિષય, કષાય, નિંદા આદિ કરવાનો ભાવ કેમ હોય ? ન જ હોય.

**'દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ પ્રતિબંધ વણ'** દ્રવ્ય પ્રતિબંધ વણ - કોઈ પરવસ્તુ વિના ન ચાલે - તેમાં અટકવું પડે તેમ હોય નહિ. ક્ષેત્ર પ્રતિબંધ વણ-હવા, પાણી, સગવડતા અમુક ક્ષેત્રે સારા થાય છે માટે ત્યાં રોકાવું તેમ હોય નહિ. કાળ પ્રતિબંધ વણ - શિયાળામાં અમુક ક્ષેત્રે અનુકૂળ પડે, ઉનાળામાં અમુક ઠેકાણે જવું એવો કાળનો પ્રતિબંધ હોય નહિ. ભાવ પ્રતિબંધ વણ- કોઈ પણ એકાંત પક્ષનો આગ્રહ ન હોય, મને બધા ભક્તિભાવથી આગ્રહ કરે છે કે મારે રોકાવું એવો ભાવ આદિ હોય નહિ.

**'વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો'** એક ગામથી બીજે ગામ જે સ્થાને વિહારસ્થાન છે, તેમાં લોભ કષાય રહિત સંયમ હેતુએ, ઉદયાધીનપણે, પૂર્વ પ્રકૃતિનો યોગ દેખાય તેમ જ વર્તવું. તેમાં મમત્વ - રાગ ન કરે. પ્રકૃતિના ઉદયને જ્ઞાન ભાવે જાણે અને જ્ઞાનમાં જ્ઞાનપણે વર્તે, પણ તેમાં કાંઈ ઈચ્છા કે વિકલ્પ કે મમતા ન કરે. ત્યાં અપૂર્વ વીતરાગદશા માટે સાધક - નિર્ગ્રંથ મુનિ અપ્રતિહત દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગમાં વર્તે. આત્માની આવી અપૂર્વ સ્થિરતા ઉત્કૃષ્ટ સાધકદશા ક્યારે આવશે એવી ભાવના ભાવી છે.

બાહ્ય અને અભ્યંતર કર્મ કલંક ટાળી આત્મસ્વરૂપની સ્થિરતા કરું એવી સાધકદશાની આ અપૂર્વ ભાવના છે. **(ક્રમશઃ)**

# ...પછી નહી દ્વંદ્વ, નહીં દુઃખ

**ધૂની માંડલિયા**

એવો એક પણ માણસ મળવો અશક્ય છે કે જે તેના આયુષ્ય કાળ દરમિયાન એક પણ વાર દ્વિધામાં ના પડ્યો હોય ! આ કરું કે તે કરું ? આ સારું કે તે સારું - વગેરે વિકલ્પ મનમાં ઘૂમરાવા માંડે તેનું નામ દ્વિધા. આ દ્વિધાની નદી પાર ઉતારનાર કોઈ નાવિક હોય તો તે છે પોતાનો અંતરાત્મા. દ્વિધા વખતે તમારા સગા-સ્નેહી, મિત્રો - મુરબ્બીઓ તમને સલાહો આપશે. આ સલાહો પૈકી કેટલીક સલાહ દ્વિધામાંથી બહાર કાઢે તેવી પણ તમને દેખાશે. આ તમામ સમયગાળામાં સમાંતર તમારી ભીતરથી એક અવાજ પણ ઊઠતો હોય છે - જે તમને તમારી સમસ્યામાંથી કેમ બહાર નીકળવું તેનો માર્ગ ચીંધતો હોય છે. પણ દુર્ભાગ્યે આપણા કાન બહારના ઘોંઘાટથી જ એટલા ટેવાયેલા હોવાથી અંતરાત્માનું મધુર સંગીત આપણા કાન સુધી પહોંચતું નથી. આપણે અટવાતા - ફંટાતા પછી અકળાઈએ છીએ.

તમે જન્મ્યા હશો ત્યારે તો ભગવાને તમને શુદ્ધ-ચોખ્ખો રણકો આપ્યો હતો પણ પછી એ રણકામાં તમારાં સ્વાર્થ, દ્વંદ્વ, એષણા વગેરે ભળ્યા અને રણકો બેસૂરો બની ગયો. હજી પણ સમય વીતી ગયો નથી. તમારા નિર્ણયો તમે જ લો. ભગવાનને હાક મારો. તે તમારી મદદે જરૂર આવશે ! બધા કહે છે એટલે હું પણ એમ કરું, વ્યવહારમાં તો જેટલું આપે એટલું જ આપવાનું હોય વગેરે ગાણિતિક ગણતરીઓમાં આયખું પૂરું ના કરો. આ ગાડરિયા બુદ્ધિ છે. ભગવાને તમને સ્વતંત્ર પ્રજ્ઞા આપી છે. તમે એ પ્રજ્ઞાનો ઉપયોગ કરવામાં ભય અનુભવો છો એટલે ટોળામાં ભળો છો. તમને તમારી સલામતી ટોળામાં દેખાય છે.

કૉલેજમાં પોતાને અનુકૂળ અભ્યાસ કરવો છે તેનો નિર્ણય જાતે જ કરો. ક્યાં સુધી ભણવું, લગ્ન ક્યારે કરવા, કઈ નોકરી પસંદ કરવી એમાં તમારું જ દૃષ્ટિબિંદુ મોખરે રહેવું જોઈએ. વડીલોની કોઈ વાત તમારા નિર્ણય કરતા વધુ ઉપયાગી કે નક્કર જણાતી હોય તો તે સ્વીકારવી પણ જોઈએ. બધું મને બીજા તૈયાર કરી આપે એમ વિચારી તમારી જવાબદારીમાંથી તમે છટકી ના શકો.

જીવનમાં વિકલ્પો તો ઊઠશે જ. માર્ગમાં ત્રિભેટો આવશે. ત્યારે એક એક કાંટાની તપાસ જાતે જ કરવાની હોય છે. પૂર્વજોનું અનુભવભાથું અને અંતરાત્માનો અવાજ એ બંનેને બરાબર કસી, બીજા રસ્તા છોડી દઈ એક રસ્તો વિશ્વાસપૂર્વક પસંદ કરી ચાલવા માંડો. તેનાં સારાં-માઠાં પરિણામો ઉઠાવવાની તૈયારી રાખો. માનવહૃદય એ ઈતિહાસનું આદ્ય વિશ્વતીર્થ છે. યાદ રાખો આપણી હયાતીની પાછળ ઈશ્વરના હસ્તાક્ષરનો ધબકારો છે. જે માણસ ખરેખર સાચો પ્રભુભક્ત હોય તેના વિચારોમાં મોટે ભાગે સ્પષ્ટતા હોય, આચારમાં સ્વચ્છતા હોય, કોઈ આંટીઘૂંટી ન હોય, દ્વિધા ન હોય અને જો દ્વિધા હોય તો એ દ્વિધાઓને કઈ રીતે પાર કરવી એની કોઠાસૂઝ હોવી જોઈએ.

આપણી પાસે વધુ પડતા વિકલ્પો છે અને કોનું સ્થાન વિશેષ મહત્વનું છે એની ચોકસાઈ નથી. એટલે દ્વંદ્વો પણ વધુ છે અને જ્યાં દ્વંદ્વ છે ત્યાં દુઃખ છે. સુખી થવું એ પણ એક કળા છે. કોઈ પણ કળાની જેમ એ પણ સાધના માગી લે છે. ધંધો શીખવા આપણે સમય - શક્તિ આપીએ છીએ તો સુખની બારાખડી - ભાષા શીખવા માટે કેમ નહીં ? જાત અને જગત પ્રત્યે આપણે આપણો કેમેરો ખોટી રીતે ગોઠવ્યો છે તેનું આ પરિણામ છે. એક વાર અંતરભણી બરાબર કેમેરો ગોઠવાઈ જાય તો પછી નહીં તો દ્વંદ્વ હશે કે નહિ દુઃખ.

• • •

# ક્રોધની આંખો અંધ હોય છે !

કિશોર જે. બાટવિયા

ગુસ્સો કશાંય કામનો નથી. એનાથી કશો અર્થ સિદ્ધ થતો નથી. એને પરિણામે કોઈ પરિવર્તન સાધી શકાતું નથી. માત્ર ગુસ્સો કરનારી વ્યક્તિના જીવનમાં પરિવર્તન આવે છે અને તે પણ ખોટું, અવળું કે ખરાબ પરિવર્તન. આ પરિવર્તન વ્યક્તિની કેવી ઘોર અવદશા કરે છે એવી વાત ચંડકૌશિક સર્પનારૂપે ભગવાન મહાવીરની જીવનકથામાં જાણવા મળે છે. આ ચંડકૌશિક કોણ હતો ? તે એક ભવમાં ઉગ્ર તપસ્વી હતો. એ તપ કરતો હતો પરંતુ ક્રોધ પર કોઈ અંકુશ ધરાવતો નહોતો. અજ્ઞાનપૂર્વકનું તપ એ ક્રોધનું પણ કારણ બની શકે છે.

ચંડકૌશિક ઉગ્ર તપસ્વી હોવા છતાં એક સમયે ગુસ્સે થતાં પોતાના શિષ્યને મારવા દોડ્યા. ક્રોધની આંખો બંધ હોય છે. ચંડકૌશિક તપસ્વી ખૂબ દોડ્યા. પરંતુ વચ્ચે થાંભલો આવતાં એને અથડાયાં અને મૃત્યુ પામ્યા. એ પછી કેટલાક ભવ બાદ એ પાંચસો તપસ્વીના સ્વામી બન્યા. પરંતુ એમનો ગુસ્સો ગયો નહોતો. અગાઉના ભવની ક્રોધની મૂડી હજી અકબંધ હતી. એમના આશ્રમના બાગમાં ફળ તોડતાં રાજકુમારો પર ક્રોધી તાપસ ચંડકૌશિકે એવી આંધળી દોટ મૂકી કે વચમાં આવતો ઊંડો કૂવો દેખાયો નહીં અને હાથમાં રહેલી કુહાડી તાપસ ચંડકૌશિકના માથામાં વાગી અને એ મૃત્યુ પામ્યા એ પછી એ તાપસ દૃષ્ટિવિષ સર્પ ચંડકૌશિક બન્યા.

આ કથા સંકેત કરે છે કે ક્રોધ વ્યક્તિની ઉત્તરોત્તર કેવી દુર્દશા કરે છે ! પહેલા તપસ્વી તરીકે સાધુના ઉપાશ્રયમાં રહેતા હતા, પછી તાપસ થઈને ઉપવનમાં રહેવાનું બન્યું અને ત્યારબાદ વેરાન અને નિર્જન વનમાં વસવાનું આવ્યું. આ ક્રોધને કારણે પહેલા વૃદ્ધાવસ્થામાં, પછી યુવાનીમાં અને છેલ્લે જન્મથી જ એમનો જીવ ક્રોધમાં ખૂંચ્યા કરતો. પહેલા તપસ્વી ચંડકૌશિક પોતાના રજોહરણથી શિષ્યને મારવા દોડ્યા હતા. પછી તાપસ ચંડકૌશિક કુહાડીથી મારવા દોડ્યા હતા. પછી છેલ્લે સર્વવિનાશક દૃષ્ટિવિષથી એ પશુ, પક્ષી અને માનવીઓને મારી નાખતા હતા.

ક્રોધને કારણે વ્યક્તિનો ભાવ પણ કેવો વિકરાળ બને છે ! પહેલા બાળમુનિને, પછી રાજકુમારોને અને છેલ્લે ચંડકૌશિકને પ્રભુ મહાવીરને ખતમ કરવાના મનસૂબા જાગ્યા. આનું કારણ એટલું જ કે વ્યક્તિ ક્રોધ કરે ત્યારે વિવેકને વિસરી જાય છે. આથી ક્રોધને અંધ કહેવામાં આવ્યો છે અને આવા અંધ ક્રોધને કારણે વ્યક્તિ પોતે પોતાની હાનિ સમજી શકતો નથી. માનવી ક્રોધ કરે ત્યારે વિકૃત થઈ જાય છે. આંખો પહોળી થઈને અંગારા વરસાવવા લાગે છે. ગુસ્સામાં થપ્પડ લગાવી દે છે કે અપશબ્દો બોલવા માંડે છે. ક્રોધ કરનાર સામી વ્યક્તિને જ નહિ પરંતુ સમગ્ર વાતાવરણને કલુષિત કરી નાખે છે. આથી જ સેક્સપિયરે ક્રોધને સમુદ્ર જેવો બહેરો અને આગ જેવો ઉતાવળો કહ્યો છે. ભારતના સંત કહે છે કે આગની પાસે જે જાય તેને આગ બાળે છે પણ ક્રોધાગ્નિ તો આખા કુટુંબને બાળી મૂકે છે. ક્રોધમાં માણસની આંખ બંધ થઈ જાય છે અને એનું મોઢું ઉઘાડું રહી જાય છે. એ વિવેકને ચિત્તમાંથી હાંકી કાઢે છે અને દરવાજે એવો આગળો મારે છે કે

વિવેક ફરી પાછો દાખલ થઈ શકે નહીં. આવો ક્રોધ એ મધપૂડામાં પથ્થર મારવા જેવો છે અને એ તરત જ વેરમાં પલટાઈ જાય છે.

ક્રોધ ત્યારે જ ઓછો થાય કે જ્યારે વ્યક્તિ આત્મદર્શી બને. આનું કારણ એ છે કે ક્રોધનું શસ્ત્ર પહેલા તો ક્રોધીને જ સ્વયં નુકસાન કરે છે. મહાત્મા બુદ્ધે કહ્યું છે કે ઉકળતા પાણીમાં પ્રતિબિંબ ન દેખાય, તેમ ક્રોધી માણસ એ જોઈ શકતો નથી કે તેનું હિત શેમાં છે. ક્રોધનો ભાવ એક વખત હૃદયમાં જાગે એટલે એ ભાવ એના હૃદયમાં સતત વધતો રહે છે. એકવાર એક ઘટના ક્રોધનું કારણ બની પછી એ ઘટના એની સમક્ષ ન હોય, તો પણ એના હૃદયમાં ક્રોધની આગ વધુને વધુ પ્રજ્વલિત રહે છે. બીજી આગને ઉદ્દીપ્ત કરવા માટે ઘી કે લાકડાની જરૂર પડે છે, પરંતુ ભીતરમાં જાગેલી ક્રોધની આગ આપમેળે વધુ ને વધુ પ્રજ્વલિત થતી રહે છે અને એ વ્યક્તિને વધુને વધુ બાળતી રહે છે.

વળી, આ ક્રોધ જાગે છે ત્યારે માત્ર એકજ ભાવ વ્યક્તિના ચિત્તમાં હોતો નથી. આ ક્રોધની સાથે એના મિત્ર તરીકે દ્વેષ આવે છે. તિરસ્કાર વિના નિમંત્રણે હાજર થાય છે. એના પ્રિયજન તરીકે ઘમંડ અને વિવેકહીનતા એની સાથે લટાર લગાવે છે. આમ, ક્રોધથી તમે અન્ય વ્યક્તિને માત્ર ગુસ્સાથી જ દુઃખ આપતા નથી. પરંતુ તમારા ઘમંડથી પણ એને ઘા મારો છો. એમાં સામી વ્યક્તિ પ્રત્યેનો તમારો તિરસ્કાર અને તોછડાઈ દેખાય છે, તો વિવેક ત્યજીને વ્યક્તિ વારંવાર મર્યાદાનું ઉલ્લંઘન કરે છે. એનું બહેકેલું મન એની જીભને બેફામ બનાવે છે અને એ રીતે આ ક્રોધ અનેક અનિષ્ટ સર્જે છે.

વામનપુરાણમાં કહ્યું છે કે ક્રોધ પ્રાણનાશક શત્રુ છે. અનેક મુખધારી દુશ્મન છે. તલવારની તીક્ષ્ણ ધાર છે. ક્રોધ સર્વહારક છે. મનુષ્યના તપ, સંયમ અને દાન વગેરે ક્રોધને કારણે નષ્ટ થઈ જાય છે અને તેથી ક્રોધનો ત્યાગ કરવો જોઈએ. ક્રોધ એ હિંસક અને આનંદનો નાશક છે. ક્રોધ આવે છે તરંગરૂપે અને એમાંથી માનવીના મનને ઘેરી લેતો મહાસાગર બની જાય છે. ગુસ્સાના નાનકડા બીજમાંથી વેરનું વટવૃક્ષ ઊભું થઈ જશે. ચિત્તના એક નાનકડા છિદ્રમાંથી એ પ્રવેશે છે અને સર્વત્ર વ્યાપી જાય છે. આવો ક્રોધ માનવને દાનવ બનાવી દે છે.

અન્ય વ્યક્તિના મનોભાવને સમજવાની અશક્તિ ગુસ્સાની જનક બની હોય છે. એવીજ રીતે પ્રત્યેક વ્યક્તિને જીવનમાં અમુક ગમા અણગમા હોય છે. એને અણગમતી વાત બને એટલે ગુસ્સો આવે છે. નિયમિતતામાં માનનારી વ્યક્તિ અનિયમિત વ્યક્તિઓ પ્રત્યે ગુસ્સે થતી હોય છે, સ્વચ્છતાનો આગ્રહ રાખનાર અસ્વચ્છ આદતો તરફ અકળાઈને ગુસ્સે થતો હોય છે. ગુસ્સે થવાનું એક મોટું કારણ પોતાની ભૂલનો અસ્વીકાર છે. વ્યક્તિ જો પોતાની ભૂલનો સાહજિક રીતે સ્વીકાર કરી લે, તો ગુસ્સાના ઘણાં કારણો દૂર થઈ જાય છે.

★ ★ ★

## ત્રણ શિખામણ

શરણાઈવાદક બિસ્મિલ્લાખાં નાના હતા ત્યારે તેમના મામાએ કહ્યું હતું : બેટા ! જીવનને સારી રીતે ઘડવું હોય તો ત્રણ વાત કાયમ યાદ રાખજે.

(૧) આબરુનું જતન કરવું. (આબરુ સામે કોઈ આંગળી કરે નહિ.)

(૨) શરીરની સંભાળ લેવી. (શરીર સારું હશે તો બીજાની સહાય નહિ લેવી પડે.)

(૩) સત્યનું સેવન કરવું. (સત્યવક્તા કદાચ દુઃખી બનશે પણ પાપી નહિ બને.)

# સકારાત્મક અભિગમ

**કિરીટભાઈ એમ. શેઠ**

અષ્ટાવક્ર મુનિ પોતાનો સત્સંગ જનકરાજા આવે પછી જ ચાલુ કરતાં. સૌ શિષ્યોના મનમાં સંકલ્પ-વિકલ્પ થયા કરતાં કે રાજા હોવાના કારણે જ ગુરુ આમ કરે છે. આ બાબતની મુનિને જાણ થઈ. સત્સંગ શરૂ કર્યો અને માયા ઊભી કરી. મિથિલા નગરી બળતી દેખાઈ. સૌ સાધુબાવા પોતાના તુંબડા અને પોતડી બચાવવા માટે નગર તરફ દોડ્યા. જનકરાજા સ્થિર બેસી રહ્યા હતા. થોડીવાર પછી જનકરાજાનો મહેલ બળતો દેખાડ્યો. સૌ કહેવા લાગ્યા કે રાજા તમારો મહેલ બળે છે. છતાંય રાજાના પેટનું પાણી ન હલ્યું અને બોલ્યા, ‘‘જે મારું છે તે જવાનું નથી અને જે જાય છે તે મારું નથી.’’ માયા સમેટાઈ જાય છે. બધું જ પૂર્વવત્ થાય છે ત્યારે શિષ્યોને ગુરુની વિચક્ષણતા સમજાય છે.

પરીક્ષિત રાજાને ખબર પડી કે સાતમે દિવસે તક્ષક નાગ કરડશે અને તેમનું મૃત્યુ થશે. તેઓ આનંદવિભોર થઈ નાચ્યા. સાત દિવસ તો મારી પાસે છે ! તેમના ગુરુ શુકદેવ પાસે ગયા અને જીવનમરણના ફેરા ટળે એવો મંત્ર આપવાની વિનંતી કરી. શુકદેવે બતાવેલા માર્ગ ઉપર ચાલી સાત દિવસમાં જીવનમુક્ત દશા પામી મોક્ષમાં ગયા.

અમને એમ લાગ્યું કે અમારી પાસે તો બીજો શ્વાસ લઈ શકશું કે નહીં તેની ખબર નથી તો શું કરવું ? જગતની દરેક વ્યક્તિ જોડે દરેક જાતના સંબંધો આ જીવે બાંધ્યા છે. બ્રહ્માંડનો કોઈ ખૂણો બાકી નથી કે આ જીવે જોયો નથી. આત્માના પિતા તો પરમાત્મા જ છે. પરમાત્મા મારા પિતા છે તો પછી મારે ક્યાં રખડવાનું છે ? સાતત્ય અને એકાગ્રતા એ જ સફળતાનું રહસ્ય છે.

**ઓ માનવ તું કેમ ડરે છે ? શીદને ચિંતા સૌની કરે છે ?**
**પરિવર્તનશીલ આ સંસારે, આજે છે તે કાલે નથી રહેવાનું,**
**શુદ્ધ આત્માને યાદ કરીશું તો, ભાવમરણ અટકી જવાનું,**
**મૃત્યુને મારી નાખીને, અજર અમર અવિનાશી થવાનું.**

માનવજીવનની વિચિત્રતા એ છે કે માનવ મૃત્યુથી ડરે છે. અનિત્ય પદાર્થો તથા વ્યક્તિઓની ચિંતા કર્યા કરે છે. સંસાર પરિવર્તનશીલ છે. સુખ-દુઃખના પૈડાઓ ફર્યા જ કરે છે. જીવ ક્ષણે ક્ષણે ભાવમરણે મરે છે. સ્વભાવમાંથી વિભાવમાં જાય છે ત્યારે કર્મ બંધાય છે. શરીર જડ છે. તે તો મરેલું છે. ભાવમરણ અટકાવવા નિરંતર આત્માનું ચિંતન અને ધ્યાન કરવાનું છે તો નવા કર્મ બંધાશે નહીં અને જૂના કર્મોની નિર્જરા થશે. અવિનાશી એવા આત્માની સતત યાદથી મૃત્યુ ખુદ પોતાની જાતને જ મારી નાખશે.

ભલે કરો તમે સઘળાં કામ, નહી ભૂલો આત્માનું ભાન.
**સર્વક્ષેત્રમાં રહીએ તો પણ આત્મભાન નવ વિસ્મરીએ.**
**- મુનિશ્રી સંતબાલજી**

જડ ચેતનનો જાણે જે ભેદ, તે જ વિરલા કરશે ભવ છેદ,
જો તું જીવતો વસ્તુ ખરી, જો તું શિવ તો બન્યો હરિ.

આ જગતના કલ્યાણ માટે શ્રીમદ્ રાજચંદ્રજી તથા શ્રી લઘુરાજ સ્વામીનો ઉપદેશ ઉપયોગી થઈ શકે. આજ્ઞાથી જ પરમતત્ત્વ પ્રાપ્ત થશે.

જગતને જાણ્યું પણ જાતને ન જાણી,
આ છે માનવ તારી કહાણી,
એમ કહે છે પ્રભુ મહાવીરની વાણી.

# महाभारत की जीवनदर्शन प्रबोधक सूक्तियाँ

डो. तेजनी जी. मुन्शी

महाभारत भारतीय साहित्य का ही नहीं विश्व साहित्य का एक अद्भुत ग्रन्थ है। आकार की विशालता, विषयों की व्यापकता, लोकप्रियता आदि की दृष्टि से वह विश्व साहित्यमें आद्वितीय है। आकार की विशालता और विषयों के महत्व दोनों ने इसे 'महाभारत' का नाम दिया। महाभारत के पात्र भारतीय जनता के लिए जीवन के अमर नायक बन गये है । महाभारत की घटनायें वर्तमान के समान प्रत्यक्ष और सजीव प्रतीत होती है । घटना और पात्रों की शाश्वत सजीवता के अतिरिक्त उन पात्रों के चरित्र भारतीय आचार के आदर्श बन गये है। कथा और घटनाओं के प्रसंगमें महाभारत में धर्म की चर्चा भी बहुत है। भीष्म का ब्रह्मचर्य और त्याग, युधिष्ठिर का सत्य, द्रौपदीका पतिव्रत, पाण्डवोंका बन्धुभाव आदि भारतीय समाज के आदर्श है। स्वयं महाभारत के आदिपर्वमें वेदव्यास ने ब्रह्माजी से महाभारत के विषयों के विस्तार का वर्णन किया है। उनके अनुसार वेद और उपनिषदों का रहस्य, इतिहास, पुराणो के वर्णन, वर्ण और आश्रमों के धर्म का विवरण, न्याय, शिक्षा, चिकित्सा आदि अनेक विषयों का वर्णन महाभारतमें है।[१] महाभारत की विशाल कथा की घटनायें और उपाख्यान भी अनेक शिक्षाओं के स्त्रोत है। विद्वानों के लिए जो वेद का स्थान है, वही साधारण जनों के लिए महाभारत का महत्व है।[२] वेद विद्वानों के लिए ज्ञान का भण्डार है। महाभारत के विषयों की व्यापकता और जनता में उसके आदर एवं उपयोग के कारण उसे पंचम वेद मानता नितान्त उचित है।[३] महाभारत के महान विद्वान डो. सुकथनकर के अनुसार महाभारत भारतीय साहित्य का एक अत्यन्त मूल्यवान ग्रंथ है, जिसे भारतीय परम्पराने अपार श्रम द्वारा लगभग २००० वर्षो से सुरक्षित रखा है।

महाभारत की इस महिमा के अनेक प्रमाण स्वयं महाभारत में ही मिलते है। महाभारत के आरम्भ में आदिपर्व अध्याय-१ श्लोक २७ में स्वयं सौतिकने कहा है कि यह तीनो लोको में एक महान ज्ञान के रुपमें प्रतिष्ठित है।

विषय की दृष्टि से भी महाभारतमें धर्म की प्रधानता है । शान्तिपर्व और अनुशासन पर्व में धर्म और नीति की शिक्षा अधिक विस्तार के साथ मिलती है । आदिपर्वमें वैशम्पायनने कहा है कि धर्म, अर्थ काम और मोक्ष के सम्बन्धमें जो महाभारत में है, वही अन्यत्र मिलता है, जो महाभारत में नहीं है, वो अन्यत्र कहीं नहीं मिलता।[४]

महाभारत में जीवनदर्शन प्रबोधक सूक्तियाँ सर्वत्र है । जैसे कि महाभारत में प्रजा अथवा मनुष्य को धारण करने वाले जिस 'धर्म' को मुख्य माना गया है वह मनुष्य का सामान्य धर्म है। इसे हम मानवधर्म कहते है।[५] भारतीय धर्म-शास्त्रों और महाभारत में धर्म का अभिप्राय धर्म के इसी मानवीय रुप से है। मनुष्य के आचार अथवा कर्तव्य के अर्थ में यह धर्म

(१) महाभारत - आदि पर्व अध्याय, १, श्लो. ६२ से ७० तक ; (२) कृष्ण चैतन्य : ए न्युहिस्ट्री ओफ संस्कृत लिटरेचर पृ. ३२९ ; (३) वरदाचारी - ए हिस्ट्री ओफ संस्कृत लिटरेचर पृष्ठ ४६९ ; (४) धर्मे चार्थे च कामे च मोक्षे च भरतवर्षम् । यदिहास्ति तदन्यत्र यन्नेहास्ति न कुत्रचित् - आदिपर्व अध्याय - ६२ श्लोक ५३ ; (५) धारणाद् धर्ममित्याहुधर्मेण विधृताः प्रजाः । यः स्योद् धारणसंयुताः स धर्म इति निश्चियः ।।

मनुष्य की इच्छा अथवा संकल्प पर निर्भर है।

व्यासजी ने गीता और महाभारत में 'समता' को धर्म का सार माना है।[६] यह धर्म का दूसरा रुप है । धर्म का तीसरा रुप विभिन्न आश्रमों और वर्णों के विशिष्ट कर्तव्यो के रुपमें मिलता है। गीता की भाषा में हम इस कर्तव्य को स्व-धर्म कहते है।

आत्मदर्शन अथवा आत्मभाव इस समता का आधार है। आज के भौतिक जीवनमें हमें समानता के व्यासजी के आदर्श को जीवन व्यवहारमें लाना चाहिए। भगवदगीतामें भी इस आत्मौपम्प का संकेत मिलता है।[७] यह आत्मौपम्प धर्म का मूल आधार है। इस रुपमें जीवनादर्श के लिए धर्म मनुष्य के आत्मिक कल्याण का साधन है तथा दूसरी और समाज में सामंजस्य का सूत्र बन जाता है। आत्मौपम्येमन, आत्मनः प्रतिकूलानि, अविरोधानि आदि के अनुसार धर्मशास्त्रो और महाभारतमें जो धर्म के स्वरुप एवं सिद्धान्त का निर्णय किया गया है वह बहुत कुछ समीचीन है।

महाभारत के शान्तिपर्वमें युधिष्ठिर के पश्न पूछने पर कृष्ण ने और भीष्मजीने सनातन धर्म के लक्षण बताये है।[८]

अहिंसा, सत्य, अक्रोध, तपस्या, दान, मन और इन्द्रियों का संयम, विशुद्ध बुद्धि, किसी के दोष न देखना, किसी से डाह और जलन न रखना तथा उत्तम शील स्वभाव का परिचय देना - ये धर्म है। ब्रह्माजीने इन्ही को सनातन धर्म बतलाया है। जो मनुष्य इस सनातन धर्म में स्थित है उसे ही कल्याण का दर्शन होता है।

महाभारत में जीवनादर्श के रुपमें धर्म के साथ 'शील' की भी महत्ता अनेक स्थानो पर की गई है। धर्म की कर्तव्यता जब मनुष्य का सहज स्वभाव बन जाती है तब उसे शील कहना उचित है। शान्तिपर्व में प्रह्लाद की कथा में 'शील' को धर्म का आश्रम बताया है।[९] महाभारत में कहा गया है कि धर्म सत्य और शील के आधार पर ही रहते है। शील ही सबका मूल आधार है।[१०]

धृतराष्ट्र ने शील को धर्म और जीवनादर्श के रुपनें बताया गया है। जो कर्म और पुरुषार्थ दूसरों के लिए हित कर न हो उसे नहीं करना चाहिए।[११]

महाभारत में सत्व, सत्य, अहिंसा, दया आदि

६. गीता - अध्याय - ६ ३२

७अ. यदन्यैविहितं नेच्छेदात्मनः कर्म पुरुषः ।
न तत् परंषु कुर्वीत जानन्नप्रियमात्मनः ।
- शान्तिपर्व - अध्याय - २५६/२०

७ब. आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ।
- भगवद्गीता अध्याय -६-३२

८. अहिंसा सत्यमक्रोधस्तपो दानं दमो मतिः ।
अनसूयाप्यमात्सर्यमनीर्ष्यां शीलमेव च ॥
एष धर्म : कुरुश्रेष्ठ कथितः परमेष्ठिना ।
ब्रह्माणा देवदेवेन अयं चैव सनातनः ॥
अस्मिन् धर्मे स्थितो राजन् नरो भद्राणि पश्यति
- शान्तिपर्व - अध्याय - १०६,
श्लो. १२ और १३ के मध्यमें।

९. धर्मः सत्य तथा वृत्तं बलं यैवं तथाप्यहम ।
शीलमूला महाप्राज्ञ सदा नास्त्यत्र संशयः ॥
- शान्तिपर्व अध्याय - १२४ श्लोक १०

१०. शीलेन हि त्रयो लोकाः शक्या जेतुं न संशयः ।
नहि किंचिदसाध्यं वै लोके शीलवतां भवेत् ॥
- शान्तिपर्व अध्याय - १२४ श्लोक १५

११. यदन्येषां हितं न स्यादात्मनः कर्म पौरुषम् ।
अपत्रपेत वा येन न तत् कर्यात् कथंचन ।
- शान्तिपर्व अध्याय - १२४ श्लोक ६७

को विभिन्न स्थानों पर परमधर्म और जीवनादर्श के रुप में बताया गया है। अनुगीता में गीता के अनुरुप सत्व की महिमा वर्णित है।[१२]

भारतीय आचारमें सत्य की महिमा अपार है । इस महिमा के कारण उसे परम धर्म और जीवनादर्श माना गया है।[१३] शान्तिपर्व में युधिष्ठिर से भीष्म ने कहा है कि सत्यपुरुषों में सदा सत्यरुप धर्म का ही पालन हुआ है। सत्य ही सनातन धर्म है। सत्य को ही सदा सिर झुकाना चाहिए, क्योंकि सत्य ही जीव की परम गति है। सत्य ही धर्म, तप और योग है। सब कुछ सत्य पर ही टीका है। सत्यसे बढकर कोई धर्म नहीं और झूठ से बढकर कोई पातक नहीं है। सत्य ही धर्म की आधारशिला है । अतः सत्य का लोप न करना चाहिए।[१४]

इसी तरह 'अहिंसा' को भी परमधर्म और जीवनादर्श के रुपमें स्वीकृत किया गया है।आज जो पूरे विश्वमें आतंकवाद का व्याप बढ रहा है तब व्यासजी के अहिंसा के ये श्लोक पंक्तिया हमें जीवनादर्श सिखाती है। अहिंसा ही परम धर्म है और वह सत्य में प्रतिष्ठित है।[१५] अहिंसा को ही सबसे बडा दान, सबसे बडा यज्ञ और सबसे बडा मित्र बताया गया है।[१६] वनपर्वमें युधिष्ठिरने यक्ष के प्रश्नों के उत्तर में दया को परमधर्म बताया है।[१७] धर्म और जीवनादर्श के रुपमें भीष्मजी ने युधिष्ठिर को कहा है कि अहिंसा, सत्य, अक्रोध और दान इन चारों का सदा सेवन करो। यही सनातन धर्म है और समस्त प्राणियों को उनका आश्रय लेना चाहिए।[१८] क्षमा भावकी प्रशंसा करते हुए युधिष्ठिर ने द्रौपदी को इस प्रकार कहा कि क्षमा और दया ही जितात्मा पुरुषों का सदाचार है और यही सनातन धर्म और जीवनादर्श है। विद्वान पुरुष को सदा क्षमा का ही आश्रय लेना चाहिए। जब मनुष्य सब कुछ सहन कर लेता है तब वह ब्रह्मभाव को प्राप्त करता है। क्षमावानों के लिए ही यह लोक है। क्षमाशील पुरुष इस जगतमे सम्मान प्राप्त करते है।[१९] हित की बात बताने से अपने मित्रो तथा हित चाहनेवाले बडे लोगो

---

१२. न हि सत्वात् परो धर्म : कश्चिदन्योन विधीयते ।
- अश्वमेधिक पर्व अध्याय - ३९, श्लोक ९

१३. नास्ति सत्यात् परो धर्मो ।
- शान्तिपर्व - अध्याय - ३४२, श्लोक १८

१४. सत्यं सत्सु सदाधर्मः सत्यं धर्मः सनातनः ।
सत्यमेव नमस्येत सत्यं हि परमा गतिः ।।
सत्यं धर्मस्तपो योगः सत्यं ब्रह्म सनातनम्
सत्यं यज्ञः परः प्रोताः सर्वं सत्ये प्रतिष्ठितम्
नास्ति सत्यात् परो धर्मो नानृतात् पातकं परम्
स्थितिर्हि सत्यं धर्मस्य तस्मात् सत्यं न लोपयेत्
- शान्तिपर्व-अध्याय-१६४, श्लोक ३, ५, २४

१५. अहिंसा परमो धर्मः स च सत्ये प्रतिष्ठितः
- वनपर्व अध्याय - २०७, श्लोक ७४

१६. अहिंसा परमं दानमहिंसा परमं तपः ।
अहिंसा परमो यज्ञस्तथाहिंसा परंफलम्
अहिंसा परमं मित्रमहिंसा परमं सुखम् ।।
- अनुशासनपर्व अध्याय - ११६

१७. आनृशंस्य परो धर्म : परमार्थच्च मे मतम् ।
- वनपर्व - अध्याय - ३१३, श्लोक १२९

१८. अहिंसा सत्यक्रोधो दानमेतच्चतुष्टयम् ।
अजातशत्रो सेवस्व धर्म एष सनातन ।।
- अनुशासनपर्व अध्याय - १६२

१९. एतदात्मवतां वृत्तमेष धर्मः सनातनः ।
- वनपर्व - अध्याय - २९, श्लोक ५२, ४२, ४३

का प्रेम प्राप्त होता है।[२०] धौम्यजी ने पाण्डवो को बताया है कि हितैषी सुहृदों का कर्तव्य है कि वे स्नेहवश हित की बात बताये।

चोरी न करने के विषयमें बताते हुए भीष्मजीने युधिष्ठिर को कहा कि दूसरों के धन का अपहरण नहीं करना चाहिए – यही सनातन धर्म है।[२१] चोरी न करने से मनुष्य का मन प्रसन्न और निर्भय रहता है तथा वह मनुष्य अपने कर्तव्यो और धर्मो के पालन में शांतचित से लगा रहता है। श्रेष्ठता और आदर्श जीवन के लिए मनुष्योको दुर्गुणो से दूर रहना चाहिए ।

महाभारतमें अनेक जगह पर एसी जीवनादर्श सूक्तियाँ है जो हमे मानवधर्म सिखाती है। इस विषयमें भीष्मने युधिष्ठिर को कहा कि 'जो वर्ताव अपने लिए अप्रिय हो, वह दूसरो के लिए प्रिय नहीं हो सकता ।[२२]

संसारमें आदर्श जीवन जीने के लिए संयम अथवा दम सब मनुष्यों के लिए सुखकारी है। संयमी मनुष्य सें सबको अभय रहता है और सब उसका सम्मान करते है। इसीलिए दम की श्रेष्ठता बताते हुए विदुरजी ने दुर्योधन को कहा कि 'सिद्धान्त को जाननेवाले वृद्ध पुरुष कहते है कि इस संसारमें दम ही कल्याण का परम साधन है। ब्राह्मण के लिए यही सनातन धर्म है।[२३] इन्द्रियसंयम की विशेषता बताते हुए विदुरजीने कहा कि जो निर्लोभ, कम से कम मांगनेवाला, भोगों के चिन्तन से दूर रहनेवाला तथा समुद्र के समान गंभीर है, उस पुरुष को दान्त (इन्द्रियसंयमी) कहा गया है।[२४]

प्रकृति के तीन गुण है – सत्व, रजस और तमस् । इसमें आदर्शयुक्त जीवन बनाने के लिए सत्वगुणी होना जरुरी है। इसीलिए सत्वगुण को गीता में दैवी सम्पति माना गया है। सत्वगुण की प्रशंसा करते हुए ब्रह्माजीने महर्षियों से कहा कि सत्वगुण इन्द्रियों की उत्पति का कारण है, उसे वैकारिक हेतु मानते है। वह इन्द्रियों तथा उनके विषयों को प्रकाशित करने वाला है। सत्वगुण से बढकर कोइ धर्म नहीं है।[२५]

प्रस्तुत लेखमें महाभारत में प्रस्तुत जीवनादर्श धर्म की मानवीयता अहिंसा, सत्य, दया आदि उदार गुणों की ओर हमारा ध्यान आकृष्ट हो ये प्रयत्न किया गया है। सभी मनुष्यों को अपने समान मानना, उसके सुख दुःख को अपने समान मानना यह मानवीयता का सिद्धान्त है। यह समानता का भाव ही अहिंसा, करुणा, दया आदि धर्मलक्षणों का स्तोत्र है। इसी से हमारा जीवन आदर्श हो सकता है। ये ही जीवनादर्श सूक्तियों से हम नर से नारायण की यात्रा कर सकते है। ये सच्चा पथदर्शक है। अस्तु।

---

२०. विदिते यापि वक्तव्यं सुद्धभिरनुरागतः ।
एष धर्मश्च कामश्च अर्थश्चैव सनातनः ।।
- विराट पर्व - अध्याय ४, श्लोक ९

२१. न हर्तव्यं परधनमिति धर्मः सनातनः ।
- शान्तिपर्व अध्याय - २५१, श्लोक १२

२२. यदन्यैविहितं नेच्छेदात्मनः कर्म पुरुषः ।
न तत् परेषु कुर्वीत जाननिप्रियमात्मनः ।।
- शान्तिपर्व अध्याय - २५१, श्लोक २०

२३. इह निःश्रेयसं प्राहुर्वृद्धा निश्चितदर्शिनः ।
ब्राहाणस्य विशेषेण दमो धर्मः सनातन ।
- उद्योगपर्व अध्याय - ६३, श्लोक ९

२४. अलो लुपस्तथाल्पैसुः कामानाम विचिन्तिता ।
समुद्रकल्पः पुरुषः स दान्तः परिकीर्तितः ।।
- उद्योगपर्व अध्याय - ६३, श्लोक १२१३

२५. सत्वं वैकारिकी योनिरिन्द्रियाणां प्रकाशिक ।
न हि सत्वात् परो धर्मः कश्चिदन्यो विधीयते ।।
- आश्वमेधिकपर्व अध्याय - ३६, श्लोक ६

## ભજનની મીઠાશ

મોગલ સમ્રાટ અકબરશાહે એક દિવસ મહાન ગાયક તાનસેનને પોતાના મહેલ પર બોલાવ્યો અને કહ્યું, "તાનસેન ! આજે તો તારી પાસેથી મારે કોઈ સુંદર ભજન સાંભળવું છે. આજ સુધી મેં તારી પાસેથી ઘણાં ગીતો સાંભળ્યાં છે, પણ કદી ભજન સાંભળ્યું નથી." તાનસેને અકબરશાહને એક ભજન ગાઈ સંભળાવ્યું.

આ ભજન સાંભળીને બાદશાહે ખુશ થઈને પૂછ્યું, "તાનસેન, આવું ભજન ગાતાં તને કોણે શીખવ્યું ?"

તાનસેને કહ્યું, "જહાંપનાહ, મેં ઘણાં વરસ સુધી દેશના નામાંકિત અને શ્રેષ્ઠ સંગીતકારો પાસેથી સંગીતશિક્ષણ પ્રાપ્ત કર્યું, પણ જ્યારે હું સ્વામી હરિદાસના ચરણ પાસે બેઠો અને તેમનું સંગીત સાંભળ્યું ત્યારે જ મને સમજાયું કે, ભાવસંગીત કોને કહેવાય ? એમનાં ભજનોમાં જે ભાવ નીતરે છે એનો તો કોઈ જોટો જડે એમ નથી."

હરિદાસજીનાં ભજનોની આવી પ્રશંસા સાંભળીને અકબરશાહે કહ્યું, "તાનસેન, મને તારા આ ગુરુ હરિદાસજી પાસે ન લઈ જાય ? મારે તેમની પાસેથી ભજન સાંભળવું છે !"

તાનસેને કહ્યું, "જરૂર, આપને હું હરિદાસ પાસે લઈ જઈશ."

અને એક દિવસ અકબરશાહ અને તાનસેન હરિદાસની અરણ્યમાં આવેલી કુટિર પર પહોંચી ગયા.

મોગલ સમ્રાટ અકબર અને તાનસેન જ્યારે હરિદાસજીની કુટિરે પહોંચ્યા ત્યારે હરિદાસજી કુટિરના એક ખૂણે બેસીને, મીઠી હલકથી પ્રભુભજન ગાઈ રહ્યા હતા. ભજન ગાવામાં તેઓ એવા તો તલ્લીન બની ગયા હતા કે કુટિરના દ્વાર પર મોગલ સમ્રાટ અને તાનસેન ઊભા છે એ વાતનો તેમને ખ્યાલ સુદ્ધાં આવી શક્યો નહિ. તેઓ તો આંખો મીંચીને જાણે ઈશ્વરના સાક્ષાત્ દર્શન કરતા હોય એ રીતે પરમ આનંદથી ભજન ગાઈ રહ્યા હતા.

આ ભાવપૂર્વક ગવાતા ભજનમાં ભંગ પડવાનું અકબરશાહને યોગ્ય લાગ્યું નહિ. તેથી તેઓ ચૂપચાપ કુટિરના દ્વાર પર ઊભા રહીને ભજન સાંભળવા લાગ્યા.

હરિદાસનું ભજન સાંભળતાં સાંભળતાં અકબરશાહને થયું કે અરે, આવું ભાવવાહી મધુર ભજન તો મેં કદી સાંભળ્યું નથી.

બંને જણ કુટિરના દ્વાર પરથી જ દિલ્હી પાછા ફર્યા. આખી રાત અકબરશાહના મનમાં હરિદાસજીએ ગાયેલા હલકભર્યા ભજનની પંક્તિઓ જ રમી રહી હતી.

બીજે દિવસે અકબરશાહે તાનસેનને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું, "ગઈ કાલે તારા ગુરુએ જે ભજન ગાયું હતું તે ભજન તું મને ગાઈ સંભળાવ."

'જેવું આપનું ફરમાન !' કહીને તાનસેને હરિદાસજીએ ગાયેલું ભજન અકબરશાહને ગાઈ સંભળાવવા માંડ્યું. પણ અકબરશાહને, કોણ જાણે કેમ, એ ભજનમાં કંઈ રસ પડ્યો નહિ.

તેમણે તાનસેનને કહ્યું, "તાનસેન, આ જ ભજન ગઈ કાલે હરિદાસજી ગાઈ રહ્યા હતા ત્યારે એમાં મને જે મીઠાશ લાગતી હતી એવી મીઠાશ, તેં

ગાયેલા એ જ ભજનમાં કેમ વર્તાતી નથી ?''

તાનસેન બોલ્યો, ''એનું કારણ એ છે કે, હું હિંદના બાદશાહને સંભળાવી રહ્યો છું, જ્યારે મારા ગુરુ હરિદાસજી તો આખા વિશ્વના બાદશાહ. બાદશાહોના પણ બાદશાહ ઈશ્વર માટે ગાઈ રહ્યા હતા ! પછી, એમના ઈશ્વર માટે ગવાતા ભજનની મીઠાશ મારા કંઠે તમારા માટે ગવાતા ભજનમાં કઈ રીતે આવે ?''

## એમાં પ્રશંસા શા માટે ?

એ જમાનાની વાત છે કે જ્યારે ગુજરાતમાં ગીતા, રામાયણ અને મહાભારત જેવા અમૂલ્ય ગ્રંથો એવી ભારે કિંમતે વેચાતા હતા કે સામાન્ય માનવીનું તો એ ગ્રંથોને ખરીદવાનું ગજું જ નહિ.

ભિક્ષુ અખંડાનંદે આ પરિસ્થિતિ જોઈ અને તેમનું હૃદય કકળી ઊઠ્યું. જનતા માટે અનિવાર્ય ગણાતા આવા ધર્મગ્રંથો મોટી કિંમતે વેચાતા હોવાના કારણે લોકો તે ગ્રંથો વસાવી શકે નહિ એ વાત અખંડાનંદજીને ડંખી રહી.

તેમણે લોકોને તદ્દન સસ્તા ભાવે પુસ્તકો ઉપલબ્ધ કરવા 'સસ્તું સાહિત્ય વર્ધક' સંસ્થાની સ્થાપના કરી અને એ સંસ્થાએ લોકોને તદ્દન સસ્તી કિંમતે ગીતા વગેરે જેવા ધાર્મિક ગ્રંથો ઉપલબ્ધ કરાવ્યા.

ગુજરાત અખંડાનંદજીના આ કાર્યને કદી ભૂલી શકે નહિ.

આવું ભગીરથ કાર્ય તેઓ કરી રહ્યા હતા, છતાં એ વાતનું તેમને મનમાં જરાયે અભિમાન હતું નહિ. આ અંગે તેમનાં કોઈ વખાણ કરે એ પણ તેમને પસંદ નહોતું. પ્રશંસાથી તેઓ સદા દૂર જ રહેતા હતા.

કોઈ એકવાર એક રસ્તા પર કોઈ સજ્જનનો તેમને ભેટો થઈ ગયો. સજ્જને તો ભિક્ષુ અખંડાનંદની પ્રશંસા કરતાં કહ્યું, ''આપે જે કાર્ય કર્યું છે એ કાર્ય કોઈ ધનાઢ્ય કે રાજા પણ ન કરી શકે એવું મહાન કાર્ય છે. એ કાર્યની પાછળ આપ આપની આખી જિંદગી રેડી રહ્યા છો ! ગુજરાતનું એ અહોભાગ્ય છે કે આપ જેવા મહાન પુરુષ તેને મળ્યા !''

પ્રશંસાથી સદા પર રહેનાર ભિક્ષુ અખંડાનંદને આવી પ્રશંસા ક્યાંથી ગમે ?

તેમણે કહ્યું, ''આવી પ્રશંસાને હું પાત્ર નથી. પણ સાચી વાત તો એ છે કે, મેં આમાં કોઈ મોટી ધાડ મારી નથી ! મેં તો લોકોનું જે હતું તે તેમને પાછું આપ્યું છે. એટલે તેમાં પ્રશંસા કરવાની કશી જ જરૂર નથી.''

સજ્જનને આમાં કશી સમજણ પડી નહિ એટલે તેણે ભિક્ષુ અખંડાનંદને પૂછ્યું, ''જરા સ્પષ્ટતાથી કહો તો સમજાય.''


ભિક્ષુ અખંડાનંદે સજ્જનને સમજાવતાં કહ્યું, ''જુઓ, વાસ્તવમાં ગીતા, મહાભારત, રામાયણ અને પુરાણો લોકોની જ સંસ્કૃતિના છે. તે જ ગ્રંથો મેં લોકોના હાથમાં આપવા માંડ્યા છે. આથી વિશેષ મેં કશું જ કર્યું નથી. પછી મારી પ્રશંસા તમે શા માટે કરો છો ?''

• • •

**કંઈક લીધા, કંઈક દીધા, કંઈક હિસાબ બાકી છે,**
**કર્યા કાળા અને ધોળા, કંઈકનું વ્યાજ બાકી છે;**
**કર્યું પાપ આ હાથે ઘણું, પણ પુણ્ય બાકી છે.**
**હજી ચેતાય તો ચેતો, જિંદગી થોડીક બાકી છે.**

• • •

**બીજાને સુખી કરીને રાજી થાય તે ઉત્તમ છે,**
**બીજાને સુખી જોઈને રાજી થાય તે મધ્યમ છે;**
**બીજાને દુઃખી જોઈને રાજી થાય તે અધમ છે,**
**બીજાને દુઃખી કરીને જે રાજી થાય તે અધમાધમ છે.**
**વિચારજો આપણો નંબર શેમાં છે ?**



II Shri Param Krupalu Devay Namah II

# YUVA TIMES

Hame Jeena Sikha Diya

Inspired by PUJYA ATMANANDJI



## ALEXANDER THE GREAT

The great Greek King, Alexander, after conquering many kingdoms, was returning home. On the way back, he fell ill and was bedridden for many months. With death drawing close, Alexander realized how his conquests, his great army, his sharp sword and all his wealth were of no use.

He called his generals and said, “I will depart from this world soon. But I have three wishes. Please fulfill my wishes without fail.” With tears flowing down their cheeks, the generals agreed to abide by their king’s last wishes.

“My first desire is that,” said Alexander, “my physicians alone must carry my coffin. Secondly when my coffin is being carried to the grave, the path leading to the grave should be strewn with gold, silver and precious stones which I have collected in my treasury. My third and last wish is that both my hands should be kept dangling out of my coffin.” The people who had gathered there wondered at the king’s strange wishes. But no one dared to question. Alexander’s favourite general kissed his hand and pressed it to his heart and said.” O King, we assure you that all your wishes will be fulfilled. But tell us why do you make such strange wishes?”

At this Alexander took a deep breath and said, “I would like the world to learn three lessons which I have just learnt. I want my physicians to carry my coffin because people should realize that no doctor can really cure anybody. They are powerless and cannot save a person from the clutches of death. So let people not take life for granted.

The second wish of strewing gold, silver and other riches on the way to the graveyard is to tell people that not even a fraction of gold can be taken by me. Let people realize that it is a sheer waste of time to chase wealth.

And about my third wish of having my hands dangling out of the coffin, I want people to know that I came empty handed into this world and empty handed I go out of this world.

LET US REALIZE THAT THE PERSON WHO WON THE WHOLE WORLD HAD NOTHING IN HIS HANDS WHEN HE DIED.

So let’s make the best use of this human life to achieve self realization.

# સમાજ-સંસ્થા દર્શન

## પૂજ્યશ્રીના સ્વાસ્થ્ય સમાચાર

શ્રી પ્રભુ-ગુરુની કૃપાથી પૂજ્યશ્રીનું શરીર સ્વાસ્થ્ય ધીરે ધીરે સુધરતું જાય છે. દૈનિક કાર્યક્રમ ભક્તિ - અભિષેક-પૂજામાં ભાવપૂર્વક જોડાઈ સૌ મુમુક્ષુઓને પ્રેરણાદાયી બોધ આપે છે. સૌનો ઉપયોગ સાધનામાં લાગેલો રહે તે માટે શ્રી વચનામૃતજીના આધારે લેસન (Homework) આપે છે. તેઓની સમતા, પ્રસન્નતા તથા બાળકવત્ સહજતા, પરમાત્મા - સદ્‌ગુરુ પ્રત્યે પ્રીતિ તથા આત્મજાગૃતિથી સમગ્ર કોબા પરિવારને ઘણો 'બોધ' પ્રાપ્ત થાય છે. દેશ-વિદેશના સૌ મહાનુભાવો તથા મુમુક્ષુઓ પૂજ્યશ્રીને શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે; જે બદલ સંસ્થા તરફથી સર્વેનો ખૂબ આભાર વ્યક્ત કરીએ છીએ.

## શ્રી આત્મસિદ્ધિપારાયણ

શાંતમૂર્તિ, સૌના પ્રેરણામૂર્તિ અને ઉત્તમ મુમુક્ષુ સ્વ. **પૂજ્ય જ્યોતિબા**ના સ્મરણાર્થે આદ. શ્રી કિરીટભાઈ પરિવાર તરફથી તા. ૯-૧-૨૦૧૧ ના રવિવારના દિવસે આપણી સંસ્થામાં શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે અનેક મુમુક્ષુ ભાઈ-બહેનો જ્યોતિબાને શ્રદ્ધાંજલી આપવા પધાર્યા હતા.

શ્રી આત્મસિદ્ધિ બાદ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર ગાથા - ૧૩૮ પરની પૂજ્યશ્રીની વીડિયો કેસેટ મૂકવામાં આવી હતી. બા.બ્ર. જનકબેને મૈત્રીભાવનું પવિત્ર ઝરણું..... પદ સુમધુર સ્વરે પ્રસ્તુત કર્યું.

**પૂજ્યશ્રી આત્માનંદજી**એ જણાવ્યું કે ઈ.સ. ૧૯૭૦ થી જ્યોતિબાનો સંપર્ક થયો હતો. સ્વાશ્રયની ભાવના અને સર્વ જીવ પ્રત્યે પ્રેમભાવ - આ બંને ગુણો તેઓમાં વિશેષ દૃષ્ટિગોચર થતાં. જ્યોતિબાનો આત્મા આગળની સાધના કરી જલદી મોક્ષને પ્રાપ્ત કરે તેવી પ્રભુપ્રાર્થના.

**પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેન સોનેજી**એ શ્રદ્ધાંજલી આપતા જણાવ્યું કે પૂજ્ય જ્યોતિબા દેહથી ભલે નથી પણ તેમની જ્યોતિનો પ્રકાશ આશ્રમ પર પથરાયેલો છે. તેઓ ઉત્તમ શ્રાવિકા હતા. આપણે તેમના સદ્‌ગુણોને જીવનમાં ઉતારીશું તો યત્કિંચિત તેમનું ઋણ અદા કર્યું ગણાશે.

**પૂજ્ય સુનંદાબેન વોહોરા**એ જણાવ્યું કે જ્યોતિબા મારા કલ્યાણમિત્ર હતા. તેઓ સ્વાધ્યાય બાદ કૃપાળુદેવના વચનામૃતનું કોઈ વાક્ય અચૂક યાદ કરે. પરમકૃપાળુદેવના વચનામૃતોને તેઓએ આત્મસાત્ કર્યા હતા. પ્રભુભક્તિ એ તેમના અંતરનો નાદ હતો તો કૃપાળુદેવની ભક્તિ એ તેમના જીવનનો મર્મ હતો. અશાતાના ઉદયમાં તેઓએ સમતા રાખી હતી. દયા, વાત્સલ્ય, ગુરુસેવા, દેહ પ્રત્યે ઉપેક્ષા (દેહભાવ છોડવા પ્રયત્ન) વગેરે સદ્‌ગુણોથી તેઓનું જીવન વિભૂષિત હતું. આત્માનું કલ્યાણ થઈ શકે તેવા યોગ સંપ્રાપ્ત થયા છે તો આપણે આત્મકલ્યાણ કરી જીવન સાર્થક કરીએ.

સંસ્થા વતી આદ. બહેનશ્રી દેવયાનીબેન તથા શ્રી વિજય પટેલે જ્યોતિબાના ગુણાનુવાદ કર્યા હતા. આ પ્રસંગે પૂ. જ્યોતિબાના કુટુંબીજનો તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું. સંસ્થા તરફથી 'સંસ્કાર' પુસ્તકની પ્રભાવના, આદ. શ્રી અરુણભાઈ બગડિયા તરફથી 'હું કોણ છું ?' પુસ્તિકાની પ્રભાવના તેમજ સંસ્થાના કાર્યનિષ્ઠ કર્મચારી આદ. શ્રી જીવણભાઈ તરફથી શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની (કૃપાળુદેવના હસ્તાક્ષરવાળી) પ્રભાવના કરવામાં આવી હતી.

## આપણી સંસ્થામાં પૂજ્ય આચાર્યશ્રી વીરેન્દ્રમુનિ તથા પૂજ્યશ્રી પ્રકાશમુનિનું આગમન

તા. ૨૬-૧-૨૦૧૧ના રોજ સંસ્થાની વિનંતીને સ્વીકારીને સ્થાનકવાસી દરિયાપુરી સંપ્રદાયના આચાર્યશ્રી વીરેન્દ્રમુનિ તથા પૂજ્યશ્રી પ્રકાશમુનિ આપણી સંસ્થામાં પધાર્યા હતા.

પૂજ્યશ્રી પ્રકાશમુનિએ તેમના બોધમાં જણાવ્યું હતું કે આપણે સૌ નિમિત્તને આધીન બની જઈએ છીએ. આપણે દ્રવ્યદૃષ્ટિ કેળવવાની છે. જે પર્યાયને પકડે છે તે પછડાટ ખાય છે. અહંકાર વિલીન થાય તો અર્હંત પ્રભુ મળે. ચેતન તત્ત્વનું જ્ઞાન એ જ સમ્યક્જ્ઞાન છે. નવ તત્ત્વની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન છે.


પૂજ્ય આચાર્યશ્રી વીરેન્દ્રમુનિએ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જણાવ્યું હતું કે રાગદ્વેષ એ જ સંસારનું મૂળ છે. એ રાગદ્વેષના બીજ જો બળી જાય તો આત્મોન્નતિનો બાગ ખીલી ઉઠે. To know is good but to live is better. રાગના નિમિત્તોથી દૂર રહેવું અને આત્મતત્ત્વમાં રમણતા કરવાનો પુરુષાર્થ કર્યા કરવો.

બંને સંતો - પૂજ્યશ્રીની શાતા પૂછવા સંતકુટિરમાં થોડો વખત પધાર્યા હતા અને પૂજ્યશ્રીના સ્વાસ્થ્ય માટે શુભ ભાવના ભાવી માંગલિક સંભળાવ્યું હતું. તેઓ સંસ્થામાં પધાર્યા તથા વાત્સલ્યભાવથી સૌ મુમુક્ષુઓને બોધ આપ્યો તે માટે આપણે સૌ તેમના ઋણી છીએ.

## શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, પાલડી મુકામે સ્વાધ્યાય શિબિર

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીની અમર કૃતિ 'અપૂર્વ અવસર' ના ગૂઢ રહસ્યો સમજાય તે હેતુથી જ્ઞાનમંદિર, પાલડી, અમદાવાદ મુકામે આદ.ડૉ. જિતેન્દ્રભાઈ શાહની નિશ્રામાં તા. ૧૯-૩-૨૦૧૧ અને તા. ૨૦-૩-૨૦૧૧ દરમ્યાન આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરમાં સહભાગી થવા ઇચ્છતા મુમુક્ષુઓએ ઑફિસમાં નામ નોંધાવવા વિનંતી છે.

## વૈરાગ્ય સમાચાર



**[૧] અમદાવાદ :** સદ્‌વિચાર પરિવારના સ્થાપક પ્રમુખ અને સમર્પિત કાર્યકર **આદ.શ્રી હરિભાઈ પંચાલ**નું તા. ૬-૧-૨૦૧૧ ના દિવસે દેહાવસાન થયેલ છે. તેઓ સેવાના ભેખધારી કર્મઠ, ઉત્તમ વિચારક અને લેખક હતા. તેઓ સાદા, સરળ, નિખાલસ, નિર્દંભી વ્યક્તિ હતા. છ દાયકા ઉપરાંતની તેઓની સેવાયાત્રા સૌને માટે ખૂબ પ્રેરણાદાયક છે. સમાજનો સર્વાંગી વિકાસ થાય તે માટે તેઓ સદા તત્પર રહેતા. કુદરતી આપત્તિના સમયે તેઓ જરૂરી સામગ્રી લઈને મદદ માટે

પહોંચી જતા. સતત ઉદ્યમશીલતા અને સમાજહિતેચ્છુ તેઓના વ્યક્તિત્વના ધ્યાનાકર્ષક પાસાઓ છે. તેઓશ્રીએ છેલ્લાં ૫૬ વર્ષથી ખૂબ કાળજી અને જહેમતથી 'સુવિચાર' માસિકનું સંપાદન કરી પ્રજાકીય સંસ્કાર - ઘડતરનું સુંદર કાર્ય કરેલ છે. સેવા, સંસ્કાર અને સમર્પણતાનો ત્રિવેણી સંગમ તેઓશ્રીમાં દૃષ્ટિગોચર થતો હતો. પૂજ્યશ્રી આત્માનંદજી તથા આપણી સંસ્થા સાથે તેઓના આત્મીય સંબંધો રહ્યા હતા. તેઓ પ્રસંગોપાત્ આપણી સંસ્થામાં પધારતા હતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તેવી કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



**[૨] મોરબી :** પરમકૃપાળુદેવના અનન્ય ભક્ત **આદ. શ્રી જયંતિલાલ પી. શાહ**નું તા. ૩૦-૧૨-૨૦૧૦ ના દિવસે ૯૪ વર્ષની વયે દેહાવસાન થયું છે. સંસ્કારનિષ્ઠ અને ધર્મપ્રિય એવા પિતા પ્રેમચંદભાઈ અને માતા લક્ષ્મીબહેનના તેઓ સુપુત્ર હતા. બાળપણથી જ વાત્સલ્ય અને ધર્મના સંસ્કારોના બીજ જયંતિભાઈમાં રોપાયાં. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના વચનામૃતજી પ્રાપ્ત થતાં અંદરમાં રહેલા ધર્મના સંસ્કારોનું બીજ ધીમે ધીમે મોટું થવા લાગ્યું. પૂરી એકાગ્રતાથી તેઓએ વીતરાગવચનો વાંચવા માંડ્યા અને વીતરાગ વાણીના રંગે રંગાતા ગયા.

'કોઈપણ વાતનો, પ્રશ્નનો, દ્વિધાનો ઉકેલ આ વચનામૃતજીમાં જ છે' એવી દૃઢ શ્રદ્ધા તથા તે શ્રદ્ધાની પ્રતીતિ પણ તેઓએ અનુભવી. કોઈપણ સંશયના ઉકેલ માટે પૂ. જયંતિભાઈ પાસે જાઓ એટલે તેઓ વચનામૃતજીમાં તેનો ઉકેલ બતાવે. પરમકૃપાળુદેવ અને તેમના વચનો પ્રત્યેની અનન્ય ભક્તિ, પ્રેમ, શ્રદ્ધા તેઓશ્રીમાં જોવા મળતી.

શ્રીમદ્ રાજચંદ્ર જન્મભુવન ટ્રસ્ટ-વવાણિયા, શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર ટ્રસ્ટ - રાજકોટ તથા શ્રીમદ્ રાજચંદ્ર સત્સંગ મંડળ - મોરબીના તેઓ વર્ષો સુધી ટ્રસ્ટી રહ્યા અને આગવી સૂઝને કારણે માનદ્ સેવાઓ આપી.

પરમાત્મા તેમના આત્માને પૂર્ણ શાંતિ આપે અને તેઓ પૂર્ણપદની પ્રાપ્તિ કરે તેવી પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યે કોબા પરિવારની પ્રયાચના.



**[૩] કોબા :** આપણી સંસ્થામાં છેલ્લા ૧ વર્ષથી ઓફિસ સુપરવાઈઝર તરીકે સેવાઓ આપતા **શ્રી પ્રહ્લાદભાઈ રણછોડદાસ સુથાર**નું તા. ૮-૧-૨૦૧૧ ના દિવસે ૬૧ વર્ષની વયે આકસ્મિક દેહાવસાન થયું છે. તેઓએ એસ.ટી. નિગમમાં કલાર્ક તરીકે સેવાઓ આપી હતી. તેઓનો સ્વભાવ શાંત અને મળતાવડો હતો. સેવાભાવી અને કાર્યનિષ્ઠ એવા સ્વ. પ્રહ્લાદભાઈ પોતાની ૪ દીકરીઓ તથા ૧ દીકરાને સંસ્કારનો વારસો આપતા ગયા છે. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તેવી કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

# જિંદગી

પ્રેષક : શ્રી પૂર્ણિમાબેન શાહ

દેવદુર્લભ માનવજીવનની વહી રહી છે જિંદગી,
રત્નચિંતામણી આ દેહની, સરી રહી છે જિંદગી.

સંસારની ઉપાધિમાં ઘેરાઈ રહી છે જિંદગી,
સુખના આભાસમાં વેચાઈ રહી છે જિંદગી.

કષાયના વમળમાં ફસાઈ રહી છે જિંદગી,
બદલાની આગમાં જલી રહી છે જિંદગી.

અણગમાની નીકમાં વહી રહી છે જિંદગી,
મોટાઈની મહત્તામાં ઉલઝી રહી છે જિંદગી.

દંભના મોહરા તળે સંતાઈ રહી છે જિંદગી,
રાગદ્વેષના તીવ્ર પાશમાં જકડાઈ રહી છે જિંદગી.

અશાંતિના ઉકળાટમાં ઉકળી રહી છે જિંદગી,
અન્યાયના આતંકમાં બંધાઈ રહી છે જિંદગી.

ધર્મના શરણ થકી બદલાઈ રહી છે જિંદગી,
સદ્ગુણોની મંજુષામાં સચવાઈ રહી છે જિંદગી.

દયા અને પરોપકારમાં મહોરી રહી છે જિંદગી,
શાંતિ અને ક્ષમામાં સોહી રહી છે જિંદગી.

સરળતા ને સ્થિરતામાં સિંચાઈ રહી છે જિંદગી,
સંતોના પુનિત ચરણમાં સમાઈ રહી છે જિંદગી.

Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2009-11 issued by SSP Ahmedabad valid upto 31-12-2011
Licence to post without prepayment No. CPMG/GJ/36/2009-11 Valid upto 31-12-2011

## પૂજ્યશ્રીનું સુધરતું જતું સ્વાસ્થ્ય









## આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' ફેબ્રુઆરી-૨૦૧૧ ના અંક માટે રૂા. ૨૨,૦૦૦/-નો આર્થિક સહયોગ

**અજય ઓફસેટ (હસ્તે. આદ. શ્રી ભીખાભાઈ પટેલ)**

**૧૫-સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shreemad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah